




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 201 | AD-2022, Chaitra Vad-9, Monday, Dt. 25-04-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કનેક્ટિવિટી અને વીજળી સંબંધિત ૨૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું લોકાર્પણ

# જમ્મુ - કાશ્મીરમાં વિકાસનો નવો અધ્યાય લખાઈ રહ્યો છે : મોદી

શ્રીનગર,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા હતાં અહીં સાંબામાં પીએમ મોદીએ મંચ પર પહોંચીને હાથ જોડીને લોકોનું અભિવાદન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ સાંબામાં એક પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું. અહીં વડાપ્રધાને રૂપિયા ૨૦,૦૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કર્યું છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાને દિલ્હી-કટરા એક્સપ્રેસ વે-નો શિલાન્યાસ કર્યો, રતલે હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (૮૫૦ મેગાવોટ)નું ઉદ્‌ઘાટન કર્યું. આ સાથે જ ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (૫૪૦ મેગાવોટ) નો શિલાન્યાસ પણ કર્યો છે.

અહીં એક જનસભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ન તો આ જગ્યા મારા માટે નવી છે અને ન તો હું તમારા માટે નવો છું. મારા માટે ખુશીની વાત છે કે આજે કનેક્ટિવિટી અને વીજળી સંબંધિત ૨૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

જમ્મુ-કાશ્મીરના વિકાસને નવી ગતિ આપવા માટે રાજ્યમાં ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ પ્રયાસોને કારણે મોટી સંખ્યામાં જમ્મુ-કાશ્મીરના યુવાનોને રોજગારી મળશે. આજે ઘણા પરિવારોને ગામડાઓમાં તેમના ઘરના પ્રોપર્ટી કાર્ડ પણ મળી ગયા છે. આ માલિકી કાર્ડ ગામડાઓમાં નવી શક્યતાઓને પ્રેરણા આપશે.



જમ્મુ અને કાશ્મીરમાં પંચાયત દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંબા જિલ્લાની પલ્લી પંચાયતમાં લોકોને સંબોધન કરી રહ્યા હતા. આ દરમિયાન મોદીએ કહ્યું કે આ જગ્યા મારા માટે નવી નથી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના વિકાસને ગતિ આપવા માટે ઝડપથી કામ ચાલી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આઝાદીના ૭ દાયકામાં જમ્મુ-કાશ્મીરમાં માત્ર ૧૭ હજાર કરોડ રૂપિયાનું ખાનગી રોકાણ થઈ શક્યું. છેલ્લા બે વર્ષમાં આ આંકડો ૩૮ હજાર કરોડ સુધી પહોંચી ગયો છે. પીએમએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર વિકાસનો નવો અધ્યાય લખી રહ્યું છે. બાબાસાહેબ આંબેડકરનું સપનું અમે સાકાર કર્યું છે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના યુવાનોને રોજગારની તકો મળશે.વડાપ્રધાને કહ્યું કે સરકારી ફાઈલ દિલ્હીથી નીકળતી હતી તો અહીં પહોંચતા તેને ૨-૩ દિવસ અઠવાડિયા લાગતા હતા.

પીએમ મોદીએ કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે તમારા દાદા-દાદીને જે મુશ્કેલી સાથે જીવવું પડ્યું તેવું જીવન તમને અને તમારા બાળકોને જીવવા નહીં દઉં', મારી વાત પર વિશ્વાસ કરો. મોદીએ કહ્યું- ૨૦૩૦ સુધીમાં દેશને કાર્બન ન્યુટ્રલ બનાવવાનો સંકલ્પ છે. જમ્મુ-કાશ્મીરે આ દિશામાં મોટી પહેલ કરી છે. ભારત ગ્લાસગોના સંકલ્પને જમ્મુ અને કાશ્મીરની નાની પંચાયત પલ્લીમાં લાગુ કરવામાં આવી છે. તે પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત તરફ આગળ વધી રહી છે. આ મહાન સિદ્ધિ અને વિકાસના આ કાર્ય માટે જમ્મુ-કાશ્મીરના લોકોને અભિનંદન પાઠવું છું.

જમ્મુ અને કાશ્મીરમાં પીએમએ કહ્યું કે કેન્દ્રનું લક્ષ્ય પંચાયતોને વધુ સત્તા આપવાનું અને સશક્તિકરણ કરવાનું છે. તેમણે કહ્યું, 'પંચાયતી રાજ વ્યવસ્થામાં બહેનોની ભાગીદારી વધારવા પર પણ અમારી સરકાર ઘણો ભાર મૂકે છે.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ગુજરાતમાં પાણીની વ્યવસ્થા મહિલાઓને સોંપવામાં આવી ત્યારે અમે વધુ સારા પરિણામો જોયા હતા. તેમણે કહ્યું કે ગામમાં દરેક સ્તરે બહેનો અને દીકરીઓએ સહભાગિતા વધારવી પડશે. તેમણે કહ્યું કે પંચાયતોના સંસાધનોનો ઉપયોગ કરવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે કહ્યું કે આનાથી આવકની શક્યતાઓ વધશે. બાયો સીએનજી, બાયો ફર્ટિલાઈઝર પણ લગાવી શકાય છે. તેનાથી ગામની આવકમાં વધારો થશે. આ માટે કચરાનું યોગ્ય વ્યવસ્થાપન પણ જરૂરી છે. આ સાથે એમ પણ કહ્યું કે ઘરેથી જ ભીનો અને સૂકો કચરો અલગ કરો.


## ચારધામની યાત્રા પર આવનારા લોકોનું ઉત્તરાખંડ સરકાર વેરિફિકેશન કરશે

(એ.આર.એલ),દહેરાદુન,તા.૨૪

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું છે કે ચારધામ યાત્રા પર આવનારા લોકોનું વેરિફિકેશન કરવામાં આવશે આ સાથે જ રાજયમાં અસામાજિક તત્વોના વેરિફિકેશન માટે એક અભિયાન ચલાવવામાં આવશે જેથી વાતાવરણ ખરાબ ન થાય

ચારધામ યાત્રા દરમિયાન લોકોના વેરિફિકેશનની બાબતમાં બોલતા પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે અમારો પ્રદેશ શાંત પ્રદેશ છે અને સરકાર ચારધામ યાત્રાને લઈ તૈયાર છે.મુખ્યમંત્રીએ કહ્યું કે ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવી સરકારની જવાબદારી છે તેમણે કહ્યું કે બહારથી ચારધામ યાત્રા પર ઉત્તરાખંડ આવનારા લોકોને યોગ્ય સત્યાપનથી પસાર થવું પડશે.જેથી શાંતિ માટે ખતરો પેદા કરનારા રાજયમાં પ્રવેશી શકે નહીં. મુખ્યમંત્રીએ કહ્યું કે ચારધામ યાત્રા દરમિયાન પ્રદેશમાં એવા કોઈ પણ વ્યક્તિનો પ્રવેશ થવો જોઈએ નહીં જે અમારી ધાર્મિક આસ્થાને ઠેંસ પહોંચાડે મુખ્યમંત્રીએ કહ્યું કે અમે આ જોવા માટે એક અભિયાન ચલાવીશું કે બહારથી તીર્થયાત્રા માટે આવનારાઓનું યોગ્ય સત્યાપન થાય અને જેમની પાસે આ નથી તે પોતાનું સત્યાપન કરાવે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૯૩ કોરોના કેસ, ૪૪નાં મોત



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૪

આજે દેશમાં કોરોનાના નવા ૨૫૯૩ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૯૪ સક્રિય કેસ નોંધાયા છે, જે પછી કુલ સક્રિય કેસની સંખ્યા વધીને ૧૫૮૭૩ થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે છેલ્લા દિવસે ૧૭૫૫ લોકો કોરોનાથી સાજા થયા છે, ત્યારબાદ દેશમાં સાજા થનારા લોકોની કુલ સંખ્યા ૪,૨૫,૧૯,૪૭૯ થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૪૪ લોકોના મોત થયા છે, જે પછી કુલ મૃત્યુઆંક ૫,૨૨,૧૯૩ થઈ ગયો છે. જ્યારે કોવિડ-૧૯નો મૃત્યુઆંક ૧.૨૧ ટકા છે, જ્યારે કોરોનામાંથી સાજા થનારા લોકોની સંખ્યા ૯૮.૭૫ ટકા છે, અને સક્રિય કેસ ૦.૦૪ ટકા નોંધાયા છે.

## હરિદ્વારમાં ગુજરાતની બસ પલટી : બેના મોત, ૧૨ ઘાયલ

(એ.આર.એલ),હરિદ્વાર,તા.૨૪



ગુજરાતના શ્રદ્ધાળુઓથી ભરેલી બસ બેકાબૂ થઈને પલટી ગઈ. આ અકસ્માતમાં એક મહિલા અને એક યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક મહિલાની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. જ્યારે ૧૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. તમામ ઘાયલોને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દરમિયાન બાઈક પર સવાર બે યુવકો પણ બસની અડફેટે આવી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ગુજરાતના અમરોલીમાંથી ૬૦ શ્રદ્ધાળુઓ ગુરુવારે એક બસમાં ગંગામાં સ્નાન કરવા માટે હરિદ્વાર આવ્યા હતા.શનિવારે રાત્રે ભક્તો હરિદ્વારથી મથુરા જઈ રહ્યા હતા. મેંગલોર કોતવાલી પાસે બાયપાસ પર સ્થિત બ્રિજ પરથી ભક્તોની બસ નીચે ઉતરતાની સાથે જ અચાનક બેકાબૂ થઈને પલટી ગઈ. નજીકના લોકોએ દોડી આવી બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા.એમ્બ્યુલન્સની મદદથી તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.



















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૫-૦૪-૨૦૨૨

ચારેબાજુથી મોંઘવારીનો માર સહન કરતી જનતા પર વધુ એક માર : સીએનજીના ભાવ આસમાને પહોંચ્યા

# અમરેલી જિલ્લાના રીક્ષાચાલકોની હાલત કફોડી

## રીક્ષાચાલકોને નાછૂટકે ભાવ વધારવા પડે તેવી સ્થિતિ ઉભી થઇ

અમરેલી,તા.૨૪

દેશની સામાન્ય જનતા પર અત્યારે ચારેબાજુથી મોંઘવારીનો વાર થઈ રહ્યો છે. પેટ્રોલ, ડીઝલ, દવાઓ, શાકભાજી, દૂધ વગેરેના ભાવ તો વધ્યા જ હતા સાથે સાથે અદાણી દ્વારા સીએનજીના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. સીએનજીના ભાવમાં પાંચ રુપિયાનો તોતિંગ વધારો થતાં અમરેલી જિલ્લાના રીક્ષાચાલકોની સમસ્યા વધી છે અને હવે રીક્ષાચાલકોને ભાડુ વધારવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી. ભાડાવધારો થતાની સાથે જ સામાન્ય જનતાને પણ બોજ પડશે. છેલ્લાં ઘણા સમયથી પેટ્રોલ-ડીઝલમાં કૂદકે ને ભૂસકે



ભાવવધારો થઈ રહ્યો છે. જેથી અમરેલીમાં પેટ્રોલ-ડીઝલના ભાવવધારા સામે લોકોને થોડી સસ્તી મુસાફરી કરાવી શકાય અને આર્થિક બોજ ન પડે તે માટે રીક્ષાચાલકો સીએનજી રીક્ષા ખરીદી રહ્યાં છે પરંતુ પેટ્રોલ-ડીઝલ અને હવે સીએનજી વચ્ચે જાણે ભાવની હરિફાઈ લાગી હોય તેવુ લાગી રહ્યુ છે. પીએનજીમાં ભાવ વધવાની સાથે જ સીએનજીમાં પણ ભાવવધારો કરી દેવામાં આવતા રીક્ષાચાલકોમાં દેકારો મચી ગયો છે. રીક્ષાચાલકોને સીએનજીનો ભાવવધારો પોષાય તેમ નથી. મિનિમમ રૂા.૨૦ ભાડું લેતા રીક્ષાચાલકોને હવે આ ભાડું પણ પોષાય તેમ નથી. આમ, જે રીતે મોંઘવારીએ માઝા મૂકી છે તેની સીધી અસર જનતા પર થઈ રહી છે.

સીએનજીના ભાવ વધતાં રીક્ષાચાલકોને નાછૂટકે ભાવ વધારવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભાવ વધતાં મુસાફરો સાથે પણ રકઝક થતી જોવા મળી રહી છે.

# ભાજપ અગ્રણી જનકભાઇ તળાવીયાના નિવાસસ્થાને મનકી બાત કાર્યક્રમનં શ્રવણ

બાબરા તા.૨૪



લાઠીના કાચરડી તા. પં. સીટના ભાજપ અગ્રણી જનકભાઈ તળાવીયાના નિવાસસ્થાને પ્રધાનમંત્રીના મનકી બાત કાર્યક્રમનું શ્રવણ કરવામાં આવ્યું હતું. તેમજ ટિફિન મિટિંગ, વોલ પેઈન્ટીંગ કાર્યક્રમ કૌશીકભાઇ વેકરીયાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યો હતો.

# ધારીના સમઢીયાળા ગામે વાસ્મો યોજનાના કામોનું ખાતમુહૂર્ત કરાયું

## સાંસદ, જિલ્લા ભાજપ પ્રમુખ, ધારાસભ્ય સહિતનાઓની ઉપસ્થિતિ

અમરેલી તા.૨૪

ધારી તાલુકાના સમઢીયાળા ગામે વાસ્મો યોજનાના કામોનું



ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજનાના કારણે ગ્રામજનોને હવે પાણીની સમસ્યા ભૂતકાળ બની જશે. સાથોસાથ સમઢીયાળામાં બસસ્ટેશનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ કૌશીકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, હિરેનભાઈ હિરપરા, બાબુભાઈ વાળા, હરેશભાઈ કાથરોટીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# બાબરા યાર્ડના પૂર્વ સેક્રેટરીને જેલની સજા ફટકારતી કોર્ટ

બાબરા તા.૨૪

બાબરા માર્કેટિંગ યાર્ડના પૂર્વ સેક્રેટરી રજનીકાંત તન્નાએ બગસરા માર્કેટિંગ યાર્ડના પૂર્વ સેક્રેટરી ભોળાભાઇ હિરપરા પાસેથી મિત્રતાના નાતે ૭ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતાં. જેમાં રજનીકાંત તન્નાએ નાણાં પરત આપવાના બદલે ત્રણ ચેક ભોળાભાઇ હિરપરાને આપ્યા હતાં. આ ત્રણેય ચેક બેંકમાં નાખતાં બાઉન્સ થયા હતાં. જેથી આ અંગે બાબરા કોર્ટમાં ચેક રિટર્નનો કેસ દાખલ કરવામાં આવતાં કોર્ટે રજનીકાંત તન્નાને ત્રણેય કેસમાં બબ્બે વર્ષની જેલની સજા ફટકારતો હુકમ કરવામાં આવ્યો હતો. તેમજ ફરિયાદીને વાર્ષિક ૯%ના વ્યાજ સાથે રકમ ચુકવવાનો આદેશ કર્યો હતો. ફરિયાદી તરફે સિનિયર વકીલ એ.સી.વરીયા અને બાબરાના વકીલ કિરીટભાઇ પરવાડિયા રોકાયા હતાં.

# આવતીકાલે ઈશ્વરીયા પ્રાથમિક શાળાનું કરવામાં આવશે લોકાર્પણ

અમરેલી તા.૨૪

અમરેલીની બાજુમાં આવેલા ઈશ્વરીયા (મહાદેવ) મુકામે આવતીકાલે તા.૨૬ને મંગળવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવશે. પ્રાથમિક શાળાના લોકાર્પણ પ્રસંગે કથાકાર મોરારીબાપુ, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ સાંસદ હેમામાલિની ઉપસ્થિત રહેશે.





ભવ્ય લોકાર્પણ કાર્યક્રમમાં તમામને ઉપસ્થિત રહેવા માટે કેન્દ્રિયમંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ આમંત્રણ પાઠવ્યું છે.

# ધારીમાં વૃધ્ધને હાર્ટએટેક આવતાં પીજીવીસીએલ સ્ટાફની માનવતા

અમરેલી તા.૨૪

લાઠીમાં રહેતાં પ્રજાપતિ કુંભાર સમાજના વૃધ્ધ પગપાળા જીવનમુક્તેશ્વર મંદિરે જતા હતાં ત્યારે આ વૃધ્ધને અચાનક હૃદયરોગનો હુમલો આવતાં ત્યાં જ પડી ગયા હતાં.





ત્યારે આ સમયે પીજીવીસીએલની ટીમ ત્યાંથી પસાર થતી હોય તેમણે તાત્કાલિક વૃધ્ધને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતાં. પરંતુ સારવાર મળે તે પહેલા જ વૃધ્ધે દમ તોડી દીધો હતો.

# સાવરકુંડલામાં સરદાર પટેલ કર્મચારી મંડળની શિબિર યોજાઇ

સાવરકુંડલા તા.૨૪

સાવરકુંડલા તાલુકા સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા પટેલ વાડી ખાતે જીવન વિકાસ શિબિર યોજાઇ હતી. આ શિબિરમાં ડો. કનુભાઇ કરકર, તાલુકા પટેલ સમાજના અગ્રણીઓ, દેવચંદભાઇ કપોપરા, કરશનભાઇ ડોબરીયા, ઘનશ્યામભાઇ જીયાણી, જે.પી. હિરપરા સહિત હાજર રહ્યાં હતાં.



તસવીર : સૌરભ દોશી

આ શિબિરમાં હાજર રહેલા વક્તાઓએ આવનારી પેઢી માટેના અનેક પ્રશ્નો અને તેના નિરાકરણ માટે વક્તવ્ય રજૂ કર્યા હતા.

# લીલીયામોટાના નીતિનભાઇ ત્રિવેદી જિલ્લા કોંગ્રેસના મહામંત્રી બન્યા

અમરેલી તા.૨૪

લીલીયા મોટાના રહેવાસી અને બ્રહ્મ અગ્રણી નીતિનભાઇ ત્રિવેદીને જિલ્લા કોંગી પ્રમુખ ડી.કે. રૈયાણીએ જિલ્લા કોંગ્રેસના મહામંત્રીની જવાબદારી સોંપી છે. આ અંગે નીતિનભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસનું સંગઠન વધુમાં વધુ મજબૂત થાય તે માટે પ્રયત્ન



કરવામાં આવશે. નીતિનભાઇ ત્રિવેદીને ખોડાભાઇ માલવીયા, જીવનભાઇ વોરા, બહાદુરભાઇ બેડા, ભુપતભાઇ પટોળીયા, વિજય શેખલીયા, વિજય કોગથીયા, ડકુભાઇ બુટાણી, જીવરાજભાઇ પરમાર, ચોથાભાઇ કસોટીયા, શાંતિ બગડા, સબીર દલ, કલ્પેશ ડાભી, ચોકતભાઇ શિરમાન, નિલેશભાઇ મહેતા, ગોવિંદભાઇ પરમાર વગેરેએ અભિનંદન પાઠવ્યાં છે.

# શાખપુર ગામે એસટીની સુવિધા શરૂ કરવા ડેપો મેનેજરને રજૂઆત

અમરેલી તા.૨૪

લાઠી તાલુકાનું શાખપુર ગામ અમરેલી જિલ્લાનું છેવાડાનું ગામ હોય આ ગામમાં એસટીની અપૂરતી સેવાને કારણે ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શાખપુર ગામથી લાઠી વચ્ચે ૩૦ કિલોમીટરનું અંતર હોય પરંતુ





ત્યાં જવા માટે એક પણ બસ ઉપલબ્ધ નથી. ગારીયાધારથી લાઠી વાયા ખારા, કલ્યાણપર, ગુંદરણ ,પ્રતાપગઢ બસ પહેલા ચાલતી હતી જેથી આસપાસના ગામોના મુસાફરોને આ બસનો લાભ મળતો હતો. મુસાફરોની હાલાકીને ધ્યાને લઈ તાત્કાલિક આ બસ શરૂ કરવામાં આવે તેવી સરપંચ જયેશભાઈ ખુમાણ દ્વારા ગારીયાધાર ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥





જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300



ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::

નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

### કેન્દ્રિય મંત્રી પરશોત્તમભાઇ રૂપાલા, દિલીપભાઇ સંઘાણી, અશ્વિનભાઇ સાવલીયા સહિતની ઉપસ્થિતિમાં

# અમરેલી બીએપીએસ સંસ્થાના દ્વારા અભિવાદન સમારોહ ઉજવાયો

અમરેલી તા.૨૪

અમરેલી બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પારિવારિક શાંતિ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અમરેલી ક્ષેત્રના બીએપીએસ શતાબ્દી સેવકો દ્વારા અમરેલી શહેર તથા ગામડાઓમાં ઘરે ઘરે જઇ વ્યક્તિગત સંપર્ક કરી પૂ.પ્રમુખ સ્વામી મહારાજના જીવવાના સંદેશો “બીજાના ભલામાં આપનું ભલુ અને બીજાના સુખમાં આપણું સુખ” પહોંચાડવામાં આવ્યો હતો. આ સમગ્ર અભિયાનમાં અમરેલી ક્ષેત્રના બહોળી સંખ્યામાં શતાબ્દી સેવકો જોડાયા હતાં. અને અઢી માસના સમયગાળા દરમિયાન સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.



આ અભિયાનમાં જોડાનારા શતાબ્દી સેવકોનો અભિવાદન સમારોહ સ્વામીનારાયણ મંદિર, પ્રમુખ વાટીકા ચિતલ રોડ ખાતે સંતો અને મહાનુભાવો દ્વારા ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઇ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપભાઇ સંઘાણી, અશ્વિનભાઇ સાવલીયા ઉપસ્થિત રહી શતાબ્દી સેવકોના કાર્યને બીરદાવ્યાં હતાં. આ પ્રસંગે ગઢડાના કોઠારી સંત પૂ. આધ્યાત્મસ્વરૂપ સ્વામીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ સમારોહમાં હરભક્તિએ કથાવાર્તાનો લાભ લીધો હતો.

# રાજુલામાં કોંગી આગેવાને યોજેલ ભોજન કાર્યક્રમમાં અગ્રણીઓનો મેળાવડો જામ્યો

રાજુલા તા.૨૪

રાજુલા તાલુકાના કોંગી અગ્રણી બાબુભાઈ રામ દ્વારા બલાડ માતાજીના મંદિરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે આ મહાપ્રસાદના આયોજનની પાછળ રાજકીય તાકાત દેખાડવામાં આવી હોવાનું પણ લોકમુખે ચર્ચાઇ રહ્યું છે. આ મહાપ્રસાદમાં કોંગ્રેસના ધારાસભ્ય, સાંસદ નારણભાઈ કાછડીયા, હિરાભાઈ સોલંકી સહિત ભાજપ અગ્રણીઓ,



સાધુસંતો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં પ્રખ્યાત મોટીવેટર સંજય રાવલે વક્તવ્ય આપી યુવાનોને વ્યસનમુક્ત રહેવા માટેની શીખ આપી હતી.

# અમરેલી જિલ્લામાં બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન

### જિલ્લાના ૬૦ કેન્દ્ર પર પરીક્ષા લેવાઇ

અમરેલી તા.૨૪

સમગ્ર રાજ્યમાં આજરોજ બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા યોજાઇ હતી. જેમાં અમરેલી જિલ્લાના ૬૦ કેન્દ્રો પર આ પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્રોમાં ૫૦૦ કરતાં વધારે સુપરવાઇઝરોએ ફરજ બજાવી



હતી. પરીક્ષાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે અમરેલી એસ.ટી. ડિવિઝન દ્વારા વધારાની બસ પણ દોડાવવામાં આવી હતી. પરીક્ષા સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ધારી - ચલાલા વચ્ચે ટ્રેન ડ્રાઈવરની સતર્કતાથી બે સિંહના જીવ બચ્યા

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં ગીરના ઘરેણા સમાન સિંહોનો વસવાટ હોવાથી સિંહો વારંવાર રેલ્વે ટ્રેક પર આવી જતાં હોય છે. ભુતકાળમાં ટ્રેનની અડફેટે અનેક સિંહોએ જીવ ગુમાવ્યાં છે ત્યારે ભુતકાળની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ટ્રેન ડ્રાઈવરો સતર્ક બન્યા છે. જેમાં ગત તા.૨૩ના રોજ જુનાગઢ-અમરેલી મીટરગેજ ટ્રેન ધારી પસાર કર્યા બાદ ચલાલા પહોંચે તે પહેલા રેલ્વે ટ્રેક પર અચાનક બે સિંહ આવી ચડતાં ટ્રેન ડ્રાઈવર નિલેશ ડુફારેએ સતર્કતા વાપરી આ ટ્રેનને રોકી હતી. જોકે સિંહો રેલ્વે ટ્રેક પરથી ઉતરી જતાં સિંહોનો જીવ બચી જવા પામ્યો હતો. આમ, ટ્રેન ડ્રાઈવરની સતર્કતાને કારણે સિંહોનો જીવ બચી જતાં સિંહ પ્રેમીઓએ ટ્રેન ડ્રાઈવરને અભિનંદન પાઠવ્યાં હતાં.

# ડુંગર ગામે કટલેરીના સામાન બાબતે છેતરપિંડી કરનાર ચાર શખ્સો ઝડપાયા

અમરેલી તા.૨૪

રાજુલા તાલુકાના ડુંગર ગામે એક મહિલાને કટલેરીનો સામાન હોલસેલ ભાવે આપી દેવાનું જણાવી મહિલા પાસેથી રોકડ રકમ લઈ ઓછો માલ સામાન આપી રૂા. ૩૯ હજારની છેતરપિંડી થયા બાદ મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવતાં આ ગુનાની ગંભીરતા સમજી એલસીબી પોલીસે રાજુલા બસ સ્ટેશનમાંથી ભોલે દરવારી બાનાજારા, રફીક ભોલે બાનાજારા, અસલમ અકબાર બાનાજારા, ખલીલ ભોલે બનજારા રહે



તમામ યુપી પાસેથી રૂા. ૬૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પૂછપરછ દરમિયાન આ શખ્સોએ જાફરાબાદના વઢેરા ગામની મહિલા સાથે પણ છેતરપિંડી કરી હોવાની કબુલાત આપી હતી.

# ઝર ગામેથી છ સહિત જિલ્લામાંથી ૧૦ શકુની ઝબ્બે

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી કુલ ૧૦ જુગારીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ચલાલાના ઝર ગામેથી વિનુભાઈ પાટડીયા, અતુલભાઈ રાણવડીયા, સુરેશભાઈ સીસણદા, આસીફભાઈ રાઠોડ, ભાવેશભાઈ કુવારદા તથા કૌશલભાઈ પાટડીયાને જાહેરમાં ગંજીપતાના પાના વડે જુગાર રમતાં રોકડા રૂ.૨૦૨૦ સાથે ઝડપી લીધા હતા, જ્યારે ચતુરભાઈ કુવારદા અને ભોળાભાઈ સાવડીયા પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સી.વી.ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે. દામનગરના નારાયણનગરમાંથી યશ રેણુકા, વિશાલ રાઠોડ, અજય ગોહીલ, સંજય ડાભી રોકડા રૂ.૨૭૧૦ તથા ચાર મોબાઈલ સહિત કુલ રૂ.૨૨,૭૧૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે. પોલીસે બંને સ્થળેથી મળી ૨૪,૭૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# લાઠી તાલુકા ભાજપની સંકલન બેઠક યોજાઇ

### વિધાનસભાની ચૂંટણીને લઇ ચર્ચા કરવામાં આવી

અમરેલી,તા.૨૪

લાઠી તાલુકા ભાજપ દ્વારા સર્કિટ હાઉસ ખાતે સંકલનની બેઠક યોજાઇ હતી.



આ બેઠકમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં જનકભાઈ તળાવીયા, ભરતભાઈ સુતરીયા, દિનેશભાઈ જમોડ, જગદીશભાઈ ખુંટ, રાજુભાઈ ભુવા, પરેશભાઈ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા.






# મીતીયાળા અને રાજસ્થળી ગામેથી ૪ ટન રેતી સહિત ૨.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી પોલીસે રેતી ચોરી ઝડપી હતી. સાવરકુંડલાના મીતીયાળા ગામેથી જાનમહમદભાઈ નનુભાઈ સંવટ (ઉ.વ.૪૯) ઉધમતી નદીના પટમાંથી લીઝ વગર રેતી ચોરીને લઈ જતા ઝડપાયા હતા. પોલીસે રેતી, ટ્રેક્ટર, ટ્રોલી સહિત રૂ.૧,૩૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ વાય. એસ.વનરા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીના રાજસ્થળી ગામેથી શેત્રુંજી નદીના પટમાંથી ફતેપુરના વાડી વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ ઉર્ફે શીવો નાનજીભાઈ રાઠોડ (ઉ.વ.૨૭) પરમીટ વગર બે ટન રેતી ચોરીને લઈ જતાં ઝડપાયા હતા. પોલીસે રેતી, ટ્રેક્ટર-ટ્રોલી સહિત રૂ.૧,૨૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ વી.એસ.વણઝર વધુ તપાસ કરી રહ્યા છે. પોલીસે બંને સ્થળેથી મળી કુલ રૂ.૨,૫૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી.







**માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ**
કૈલાશ નગર, આટકોટ – ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

**પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ**
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત

**પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.**

**શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ**
ધોરણ – ૪ થી ૮
**માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ**
ધોરણ – ૯ થી ૧૦
**માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ**
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨–૨૩માં પ્રવેશ ચાલુ છે.

Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533

તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ

**શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?**

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજ્યુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- **સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !**
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઈલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય/બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તીર્ણ થઇ મોભાદાર સરકારી નોકરી કલાસ – ૧, કલાસ –૨ મેળવે તેવુ ઈચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય

આનો જવાબ છે ગુજરાતનું “સમસ્ત પટેલ સમાજનું”
**સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ “ પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ ” - આટકોટ**



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

**શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ**

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઇ અસર નહિ

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





# લુવારીયામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવની કામગીરીનો પ્રારંભ કરાયો

અમરેલી, તા.૨૪



સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૨ અંતર્ગત લાઠી તાલુકાના લુવારીયા ગામે સવજીભાઈ ધોળકીયાના ધોળકીયા ફાઉન્ડેશનના નેજા હેઠળ તળાવની કામગીરીનો પ્રારંભ કરાયો હતો. જેમાં ધોળકીયા ફાઉન્ડેશનમાંથી આવેલ મશીનરીને ફુલહાર કરી અને ભૂદેવોના મુખેથી મંત્રોચ્ચાર સાથે તળાવની કામગીરી શરૂ કરાઈ હતી. આ તકે કાર્યપાલક ઈજનેર રાઠોડભાઈ, સ્ટેટ જળ સંચય વિભાગના જાદવભાઈ, કાતરીયાભાઈ, લુવારીયા ગ્રામ પંચાયતના સરપંચ જસકુભાઈ, ઉપસરપંચ તખુભાઈ, માજી સરપંચ પ્રતાપભાઈ, ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ વસંતભાઈ ભંડેરી, રામજીભાઈ ગુજરાતી, તાલુકા પ્રમુખ એલ.બી. ધોળીયા, ધોળકીયા ફાઉન્ડેશનના કનકભાઈ પટેલ સહિત ગ્રામ પંચાયતના સદસ્યો, ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

# વડિયામાં યુવકનો વાડીએ વીજપોલના ટી.સી. સાથે દોરડું બાંધી ગળાફાંસો

વડિયા, તા.૨૪

અમરેલી જિલ્લામાં પોલીસ ચોપડે અકસ્માતે મોતની બે ઘટના નોંધાઈ હતી. વડિયામાં એક યુવકે ગળાફાંસો ખાધો હતો અને મોટા આંકડીયા ગામે આધેડે એસિડ ગટગટાવ્યું હતું. વડિયામાં રહેતા ભીખાભાઈ દાનાભાઈ પરમાર (ઉ.વ.૬૬)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર જગદીશભાઈ ભીખાભઈ પરમારે બે દિવસ પહેલા બપોરના સમયે વાડીએ વીજપોલના ટી.સી.ની સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. યુવકના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.ડી.કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે. મોટા આંકડિયા ગામે રહેતા ભાવેશભાઈ ડાયાભાઈ ગોહીલ (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા ડાયાભાઈ ગોવાભાઈ ગોહીલ (ઉ.વ.૫૫)એ અગમ્ય કારણોસર એસિડ પી લેતાં મોત થયું હતું. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ જે.કે.બલદાણીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સા.કુંડલાના મોટા ઝીંઝુડા ગામે સાળાએ બનેવીને ઈંટોના છુટા ઘા મારતા ફરિયાદ

## આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે રહેતા સાળાને તેના બનેવી તથા કાકાજી સસરાએ ઈંટોના છુટા ઘા મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે મોટા ઝીંઝુડા ગામે રહેતા પરેશભાઈ છગનભાઈ આંબલીયા (ઉ.વ.૩૨) એ ચલાલામાં રહેતા સાળા ભરતભાઈ અરજણભાઈ કટકીયા, ભાવેશભાઈ અરજણભાઈ, કાકાજી સસરા વિઠ્ઠલભાઈ ભગવાનભાઈ કટકીયા તથા વિજપડી ગામે રહેતા જગાભાઈ આંબલીયા સામે ફરિયાદ નોધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે પરેશભાઈને તેમની પત્ની સાથે બોલાચાલી અને ઝઘડો થયો હોવાથી તે પિયર જતી રહી હતી. બે દિવસ પહેલા જુના ગાધકડા રોડ પર આવેલી વિજયાનગર સોસાયટી પાસેથી પસાર થતા હતા ત્યારે તેનો ખાર રાખી સાળા ભાવેશભાઈએ ઈંટોના છુટા ઘા માર્યા હતા અને કાકાજી સસરાએ મુંઢમાર માર્યો હતો. જે બાદ આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સાવરકુંલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ માધવજીભાઈ લક્ષ્મણભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા લાભ આપવા બેઠક

અમરેલી, તા. ૨૪



અમરેલી જિલ્લામાં 'કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી' કાર્યક્રમ અંતર્ગત પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા લાભ આપવા માટે જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવની અધ્યક્ષતામાં બેન્કો અને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ડીડીઓએ જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતોને લાભ મળી રહે તે માટે સંબંધિત અધિકારીઓને સઘન આયોજન કરવા રચનાત્મક સૂચનો કર્યા હતા. પી.એમ. કિસાન યોજનાની જાણકારીના અભાવે જરૂરતમંદ ખેડૂતો લાભ લઈ શકતા નથી જેથી આ યોજનાનો મહત્તમ લાભ લઈ શકે તે માટે ખેડૂતોને જાગૃત કરવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં નાબાર્ડના ડીડીએમ જિગ્નેશ ઝાલા, બેન્ક તથા વિવિધ ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાબરા તાલુકાના ચમારડી ગામની ઘટના

# સસરાએ પુત્રવધુને ફળિયામાં ઢસડી માર માર્યો, ફરિયાદ

બાબરા, તા.૨૪

અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર ઘરેલુ હિંસામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતી એક પરિણીતાને તેના સસરાએ ફળિયામાં ઢસડીને સોટી વડે માર માર્યો હતો. આ બનાવ અંગે જયશ્રીબેન અસલાલીયા (ઉ.વ.૩૦)એ પતિ કેતનભાઈ ગણેશભાઈ અસલાલીયા, સસરા ગણેશભાઈ અસલાલીયા, સાસુ લાભુબેન અસલાલીયા સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે પતિ તેના પર શંકા-કુશંકા કરી ઘરકામ બાબતે ત્રાસ આપતા હતા. જ્યારે સસરાએ તેમને ફળિયામાં ઢસડી સાથળના ભાગે સોટી વડે માર માર્યો હતો. અન્ય આરોપીઓ અવારનવાર ગાળો આપી માનસિક ત્રાસ આપતા હતા. ઘટના અંગે ફરિયાદ નોંધાવાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોટા સાસુના પાણીઢોળમા જવા નીકળેલી પરિણીતા ગુમ

જાફરાબાદ, તા.૨૪

જાફરાબાદના હેમાળા ગામે રહેતા અને સેન્ટીંગ કામ કરતાં લાલજીભાઈ મનજીભાઈ નાગર (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ તેમના પત્ની દયાબેન પિયર હતા. આ દરમિયાન મોટા બાનું અવસાન થતાં તેના પાણીઢોળમાં આવવા માટે બસમાં નીકળ્યા હતાં. પરંતુ નાગેશ્રી બસ સ્ટેશન ઉતરી ગયા હતાં અને પછી કોઈ ભાળ મળી નથી.

# જાફરાબાદના નાગેશ્રી પાધરપરા રોડનું ખાતમુહૂર્ત કરતાં આગેવાનો

જાફરાબાદ,તા.૨૪



જાફરાબાદના નાગેશ્રી પાધરપરા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. રોડનું ખાતમુહૂર્ત કરાતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. આ તકે જિ.પં.સદસ્ય કરશનભાઈ ભીલ, ભીમભાઈ વરૂ, દિનેશભાઈ ત્રિવેદી,નરેન્દ્રભાઈ વરૂ,મુન્નાભાઈ વરૂ, યશપાલભાઈ વરૂ, ભરતભાઈ વરૂ, હરેશભાઈ વરૂ, અનિરુધ્ધભાઈ વસરા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા.

# ભરાડી ભાડુઆતઃ વડિયામાં ફોરવ્હીલ સાઈડમાં લેવાનું કહેતા યુવકને ફટકાર્યો

વડિયા, તા.૨૪

વડિયામાં એક યુવકે ફોર વ્હીલ સાઈડમાં લેવાનું કહેતા ભાડુઆત દંપતીએ તેને ફટકારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે વિપુલ ઉર્ફે શૈલેષભાઈ સોમાભાઈ મારૂ (ઉ.વ.૩૩)એ દિપકભાઈ કરશનભાઈ પરમાર તથા તેના પત્ની સોનલબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી બનાવની વિગત પ્રમાણે, આરોપી ભાડેથી રહે છે અને બે દિવસ પહેલા સાંજે સાડા સાત વાગ્યે તેમની ફોરવ્હીલ રસ્તામાં મૂકી હતી. તે સમયે એક ટ્રેક્ટર ચાલક ત્યાંથી પસાર થતાં તેણે ફોરવ્હીલ સાઈડમાં લેવાનું કહ્યું હતું. જેથી તેમને સારું નહોતું લાગ્યુ અને ગાળો બોલવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતાં પતિ-પત્નીએ તેને ફટકાર્યો હતો અને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ગઢડા ખાતે સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં નિમણૂકપત્ર એનાયત

# અખિલ ભારતીય કોળી સમાજના જિલ્લા ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ મકવાણાની વરણી

અમરેલી, તા. ૨૪



અખિલ ભારતીય કોળી સમાજના અમરેલી જિલ્લા ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ મકવાણાની નિમણૂક કરવામાં આવી છે. ગઢડા મુકામે મેહુલભાઈ ઝાપડીયા, દિનેશભાઈ જાદવ, બાબુભાઈ ગઢીયા, દિનુભાઈ રાઠોડ, શંભુભાઈ મકવાણા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં તેમને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિઃ વદ દશમ, તા. ૨૫-૦૪-૨૦૨૨, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૮, સૂર્યાસ્ત-૦૭:૦૮, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૫-૪-૨૦૨૨ સોમવાર

- મેષઃ ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત. ધાર્મિક યાત્રા પ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણમાં સુમેળ રહે.
- વૃષભઃ બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખમાં વધારો. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.
- મિથુનઃ પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય શુભ રહે. અભ્યાસમાં પ્રગતિ.
- કર્કઃ વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ટેન્શન ઓછું રહે. સમય શુભ. જમીન-મકાન ખરીદી શક્ય બને.
- સિંહઃ નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.
- કન્યાઃ સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ.
- તુલાઃ શેરબજારથી લાભ થાય. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. આરોગ્ય સુખાકારી રહે.
- વૃશ્ચિકઃ શેર સટ્ટાકીય બાબતોથી સંભાળવું. માનસિક ચિંતા હળવી બને. અકંદરે સમય શુભ. રોજગારીની તકો મળે.
- ધનઃ નોકરીમાં ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. બદલી-બઢતીની શક્યતા. આરોગ્ય સુખાકારી સારી.
- મકરઃ વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે.
- કુંભઃ જમીન, વાહન, મકાનના યોગ. આરોગ્ય સુખાકારી, કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે.
- મીનઃ ઇષ્ટદેવની કૃપાથી મુશ્કેલીમાં રાહત. ધાર્મિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

# રાજુલામાં કોર્ટ મેરેજના મનદુઃખમાં સામસામી ફરિયાદ નોંધાવાતા ચકચાર

રાજુલા, તા.૨૪

રાજુલામાં કોર્ટ મેરેજના મનદુઃખમાં બે પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. જુની બારપટોળી ગામે રહેતા હિરલબેન હિતેશભાઈ જીતીયાએ કુંડલીયાળા ગામના હિતેશભાઈ કિશોરભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે હિરલબેને પાંચ મહિના પહેલા માતા-પિતાની મરજી વિરુદ્ધ કોર્ટ મેરેજ કર્યા હતા. જેને અંગે તેમના કૌટુંબિક મામાના દીકરાને સારું નહીં લાગતાં બે દિવસ પહેલા સવારે ૧૧ વાગે રાજુલા હોસ્પિટલ ચોક પાસે તેમને તથા તેમના પતિને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ કુંડલીયાળા ગામે રહેતા હિતેશભાઈ કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૨૪) જુની બારપટોળી ગામે રહેતા હિરલબેન શામજીભાઈ બાબરીયા તથા હિતેશભાઈ જીણાભાઈ જીતીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ હિરલબેને કરેલા કોર્ટ મેરેજની વાત તેમને ગમતી નથી તેમ માની રાજુલા હોસ્પિટલ ચોક પાસે તેમને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી.

# બાબરામાં પીક-અપ બોલેરોમાંથી વિદેશી દારૂની ૮૩૯ બોટલ ઝડપાઈ

બાબરા, તા.૨૪

બાબરા ટાઉનમાંથી પોલીસે પીક-અપ બોલેરોમાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. રાજસ્થાન ઝાલોરના લાલજીકી ડુંગરી ખાતે રહેતા જીવનરામ કિશનરામ બિશ્રોઈ અને રામચંદ શિવજીરામ જાટ પીક-અપ બોલેરોમાં વિદેશી દારૂની ૮૩૯ બોટલ સાથે ઝડપાયા હતા. પોલીસે બોલેરો, દારૂની બોટલો મળી ૭,૭૧,૩૧૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી.ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીમાં અકાળા રોડ પર સ્મશાન પાસેથી સ્કોર્પિયોમાંથી દારુની બોટલ મળી હતી. લાઠી પોલીસે દારૂની બોટલ અને કાર મળી ૧૫,૦૦,૩૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.






તંત્રી સ્થાનેથી

# ડિજિટલ ફોર્મેટમાં રોકાણ

એક સમય એવો હતો કે લોકો બેંકો અને પોસ્ટઓફિસમાં પોતાના પૈસા જમા કરાવતા અને તેના વ્યાજમાં કેટલો વધારો થયો તે જોવા માટે દર મહિને પાસબુક ચેક કર્યા કરતા હતા. પૈસાદાર થવા માટે લોકોએ shrotcut પણ અપનાવ્યા. કેટલાક શેરબજારમાં ગયા તો કેટલાકે વિવિધ ફન્ડોમાં પૈસાનું રોકાણ કર્યું પરંતુ અનુભવ વિના રોકાણ કરવાથી અનેક લોકોએ પોતાની મરણમૂડી ગુમાવી તો કેટલાક બે પાંદડે થઈ ગયા. વર્તમાન સમયની અંદર યુવાનોમાં એક જ ક્રેઝ છે કે ધનવાન બનવું હોય તો ક્રિપ્ટો કરન્સી અપનાવો આ વિશે લોકોમાં જાણકારી ઓછી છે પરંતુ જે લોકો રોકાણ કરે છે તે તો કરન્સી વિશે વધુ પડતું જાણે છે. આમ છતાં પણ તેઓ પૈસા ગુમાવે છે. આજે વિશ્વની અંદર કેટલાક દેશો એવા છે કે જેણે નવા માધ્યમમાં સૌથી વધુ રોકાણ કરેલું છે ક્રિપ્ટો કરન્સીમાં સૌથી વધારે રોકાણ કોણે કરેલું છે તેના આંકડા જાણવા જેવા છે.

ક્રિપ્ટો કરન્સી વૈશ્વિક એસેટ તરીકે પ્રખ્યાત બની રહી છે તે સાથે જ રોકાણકારોએ પોતાની સંપત્તિમાં વધારો કરવા માટે આ ડિજિટલ એસેટ તરફ ગંભીરતાથી ધ્યાન આપવાનું શરૂ કરી દીધું છે. તેનું મુખ્ય કારણ એ જ છે કે, તેમાં રોકાણ કરનારાઓને ખૂબ જ સારૂં રિટર્ન મળી રહ્યું છે.

વર્ષ ૨૦૨૧ ડિજિટલ એસેટ્સ માટે અનેક રીતે બ્રેકઆઉટનું વર્ષ હતું કારણ કે, બિટકોઈનની માર્કેટ કેપ ૬૫,૦૦૦ ડોલરના લાઈફટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. શું તમે કદી વિચાર્યું કે, ક્રિપ્ટો કરન્સીના ઉછાળા માટે સૌથી વધારે યોગદાન કોણ આપે છે? સિંગાપુરની ક્રિપ્ટો પેમેન્ટ સર્વિસ ટ્રિપલ-એના આંકડાઓ પ્રમાણે વર્ષ ૨૦૨૧ના ત્રીજા ક્વાર્ટર દરમિયાન સૌથી વધારે ક્રિપ્ટો હોલ્ડર્સ ધરાવતા દેશો પર એક નજર નાખીએ. બ્રાઝિલ લેટિન અમેરિકાનું સૌથી મોટું ક્રિપ્ટો માર્કેટ છે. વર્ષ ૨૦૨૧માં ત્યાં આશરે ૧૦ મિલિયન ક્રિપ્ટો હોલ્ડર્સ હતા જે તેની વસ્તીના આશરે ૪.૯ ટકા જેટલા છે. જોકે આ સંખ્યા હજુ વધશે કારણ કે, બ્રાઝિલના સાંસદોએ ક્રિપ્ટો કરન્સીને વેલિડ અને રેગ્યુલેટ કરવા પર ભાર આપ્યો છે. આંકડાઓ પ્રમાણે ૧૭ મિલિયન ક્રિપ્ટો હોલ્ડર્સ સાથે રશિયા આ યાદીમાં ચોથા નંબરે છે. બ્લૂમબર્ગના અહેવાલ પ્રમાણે રશિયા પાસે ૧૬.૫ ટ્રિલિયન રશિયન રૂબલ કરતા વધારેના ક્રિપ્ટો છે. તે ૨૦૦ બિલિયન ડોલર કે વિશ્વના હોલ્ડિંગનો ૧૨ ટકા હિસ્સો છે. આ આફ્રિકી દેશ ૩૩.૪ મિલિયન ક્રિપ્ટો હોલ્ડર્સ સાથે વિશ્વમાં ત્રીજા નંબરે છે. ખાસ વાત એ છે કે, તેમાં રોકાણ કરનારાઓમાં ૫૦ ટકા મહિલાઓ છે. ઉપરાંત આગામી સમયમાં આ આંકડો હજુ ઉંચો જાય તેવી શક્યતા છે. વર્ષ ૨૦૨૧માં ૨૭ મિલિયન ક્રિપ્ટો હોલ્ડર્સ સાથે અમેરિકા બીજા ક્રમે હતું. બેંક ઓફ અમેરિકાએ ક્રિપ્ટો હોલ્ડર્સની સંખ્યામાં ભારે વૃદ્ધિની ભવિષ્યવાણી કરી છે. તેના કહેવા પ્રમાણે વર્ષ ૨૦૨૨ સુધીમાં આશરે ૨૭ ટકા વસ્તી કે ૮૯ મિલિયન લોકો ક્રિપ્ટો કરન્સીનો ઉપયોગ કરશે. ભારતીયો સૌથી મોટા ક્રિપ્ટો હોલ્ડર્સ છે. આશરે ૭ ટકા કરતાં વધારે વસ્તી પાસે આ ડિજિટલ એસેટ છે. તેનો મતલબ કે, ૧૦૦ મિલિયન લોકો પાસે આ ડિજિટલ એસેટ છે જે વર્ષ ૨૦૨૨ના પ્રથમ ક્વાર્ટરમાં આશરે ૨૦ ટકા વધી ગઈ. આમ લોકો ધનવાન બનવા માટે નવા પ્રકારના ડિજિટલ ફોર્મેટમાં રોકાણ કરવા લાગ્યા છે એમાંથી ઘણા પૈસાદાર બન્યા છે, કરોડપતિ બન્યા છે તો અમુક લોકો રોડપતિ પણ બન્યા છે.

# નેપાળ સાંસ્કૃતિક રીતે ભારતનો જ એક ભાગ છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

એક સમય એવો હતો જ્યારે નેપાળ વિશાળ ભારત વર્ષનો એક ભાગ હતું. આવી જ રીતે શ્રીલંકા, મ્યાનમાર, અફઘાનિસ્તાનથી માંડી છેક જાવા સુમાત્રા સુધીના દેશો અખંડ ભારતના ભાગ ગણાતા.આજે આ બધા દેશો એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે છે. આમાં જો સૌથી વધારે કોઈ નજીક હોય તો તે નેપાળ અને શ્રીલંકા છે. નેપાળ એવો દેશ છે જે એક સમયે સો ટકા હિન્દુ રાષ્ટ્ર ગણાતું. આજે નેપાળ હિન્દુ રાષ્ટ્ર નથી.

ચીનના ચાળે ચડીને નેપાળ હવે સમજી ગયું છે સાચો મિત્ર ભારત છે ચીન નહીં. કોઈ પણ દેશ સાથે કઈ અજુગતું બને, કુદરતી આફત આવે, કોઈ દેશ આક્રમણ કરે તે સમયે તેના નજીકનો જે મિત્ર દેશ હોય તે તેને મદદ કરે અને આફતમાંથી ઉગારે. આપણા દેશે તો ૧૯૫૧ થી નેપાળમાં અનેક કામો કર્યાં છે. નેપાળનું એરપોર્ટ જે આજે ત્રિભુવન એરપોર્ટ તરીકે જાણીતું છે એનું નિર્માણ ભારતે ૧૯૫૪માં કરી આપ્યું હતું. કાઠમંડુમાં ઈમરજન્સી ટ્રોમા સેન્ટરની શરૂઆત ભારતની ૧૦૦ કરોડની મદદથી થઈ હતી. ભારતની એમ્સ જેવી સુવિધાઓ ધરાવતી હોસ્પિટલનું ઉદ્ઘાટન નવેમ્બર ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું. ૬૫૦ કરોડના ખર્ચે નેપાળ પોલીસ એકેડેમી, ત્રિશૂલી હાઈડ્રો પાવર પ્રોજેક્ટ, મોતીહારી અમલેખગંજ પેટ્રોલિયમ પાઈપલાઈન, ૫૨૩ હાઈ ઈમ્પેક્ટ કમ્યુનિટી



ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સહિત અનેક કામો ભારતે કરી આપ્યાં છે. ૨૦૧૫માં નેપાળમાં ભયંકર ભૂકંપ આવ્યો એ પછી આપણા દેશે ૨૫ કરોડ ડૉલરના ખર્ચે ૫૦ હજાર ઘરો બનાવી આપ્યાં હતાં.

સંબંધોનું એવું છે કે, તાળી બંને હાથે જ વાગે. નેપાળ ચીનના ચાળે ચડ્યું હતું તો પણ ભારતે નેપાળ સાથે સારા સંબંધો રાખ્યા હતા. નેપાળને એ વાત સમજાવી હતી કે, ભારત માટે નેપાળ હંમેશાં નાના ભાઈ જેવું હતું અને કાયમ એવું જ રહેવાનું છે. ચીન તમને વાતો કરીને ભરમાવે છે. ચીન થોડાંક કામો કરી પણ આપશે પરંતુ તેના બદલામાં ચીન જે માંગશે એ તમારા માટે અઘરું સાબિત થશે. હવે તો આપણે નેપાળને સમજાવવાની પણ જરૂર નથી, ચીનના કરતૂતો એ જુએ જ છે. નેપાળના વડાપ્રધાન દેઉબાની મુલાકાતથી ભારત અને નેપાળની દોસ્તીનું નવું પ્રકરણ શરૂ થઈ ગયું છે.

૭૫ વર્ષના દેઉબા ચોથી વખત નેપાળના વડાપ્રધાન બન્યા છે અને તેઓ વડાપ્રધાન તરીકે જ અગાઉ ભારતની ચાર વખત મુલાકાત લઈ ચૂક્યા છે. ૨૦૧૭માં તેઓ વડાપ્રધાન બન્યા એ પછી ભારત આવીને તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. વચ્ચે કે.પી. શર્મા ઓલી નેપાળના વડાપ્રધાન બન્યા ત્યારે ભારત અને નેપાળના સંબંધોમાં ખટરાગ ઊભો થયો હતો. ચીનના ઈશારે ઓલીએ ભારત સાથે અનેક આડોડાઈ કરી હતી. આપણા દેશે જ્યારે માનસરોવર જતો રસ્તો બનાવ્યો ત્યારે તેમણે એવું કહ્યું હતું કે, ભારતે અમારા વિસ્તારમાં રોડ બનાવ્યો છે. ભારત જેને પોતાનો વિસ્તાર ગણાવે છે એ કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા નેપાળના હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. ઓલીએ તો આ ત્રણેય વિસ્તાર નેપાળમાં બતાવીને નેપાળનો નવો નકશો પણ બનાવ્યો હતો અને સંસદમાં પાસ પણ કરાવ્યો હતો. આવું તો તેમણે બીજું ઘણું બધું કર્યું હતું. ૨૦૧૮માં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારતની મુલાકાતે આવ્યા હતા. ભારતની મુલાકાત પતાવીને જિનપિંગ સીધા નેપાળ ગયા. નેપાળ અમેરિકાની ૫૦ કરોડ ડૉલરની મદદ સ્વીકારતું નહોતું. પાંચ વર્ષથી મદદનો મુદ્દો લટકતો હતો. હમણાં થોડા સમય અગાઉ નેપાળે અમેરિકાની આ મદદ સ્વીકારવાનો નિર્ણય કરી લીધો હતો.

દેઉબાનો આ નિર્ણય પણ એ વાત સાબિત કરે છે કે, તેમણે હવે ચીનથી અંતર જાળવીને ભારત અને અમેરિકા સાથે રહેવું છે. નેપાળે માલદીવ અને શ્રીલંકાની હાલત જોઈ છે. શ્રીલંકામાં તો આંતરવિગ્રહ જેવી સ્થિતિ પેદા થઈ છે. ગુરુવારે જ શ્રીલંકાના લોકોએ સંસદને ઘેરાવ કરતા ગંભીર સ્થિતિ પેદા થઈ હતી. ચીને છેલ્લાં ૧૮ વર્ષોમાં દુનિયાના ૧૬૫ દેશોને ૧૩,૪૨૭ પ્રોજેક્ટો માટે ૮૪૩ બિલિયન ડૉલર આપ્યા હતા. નાના દેશોને મોટું ધિરાણ કરીને ચીન પોતાના સકંજામાં લઈ લે છે અને પછી તેમની જમીન અને બંદર પોતાના નામે કરાવી લે છે. એક અભ્યાસ મુજબ દુનિયાના ૪૨ દેશોની હાલત ચીને કફોડી કરી નાખી છે. આ દેશો પાસે ચીનનું દેવું ચૂકવવાનાં નાણાં નથી અને ચીન પઠાણી ઉઘરાણી કરી રહ્યું છે. નેપાળ અને ભારતના સંબંધોની વાત કરીએ તો હજુ નજીકના ભૂતકાળમાં જ ભારતે નેપાળ માટે અનેક પ્રોજેક્ટ હાથ ધર્યા છે. ઉત્તર પ્રદેશના ગોરખપુરથી નેપાળની બોર્ડર સૌનોલી બાયપાસ સુધીનો રસ્તો રૂ.૨૫૫૫.૫૦ કરોડના ખર્ચે ફોરલેન બનાવવામાં આવી રહ્યો છે.

યુપીના મહારાજાગંજથી છેક નેપાળની રાજધાની કાઠમંડુ સુધીની ૧૨૦૭ કિલોમીટરની રેલવે લાઈન શરૂ થવાની છે. આવા તો બીજા વીજળી, પાણી અને રસ્તાના અનેક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. ચીને તો હમણાં પ્રોજેક્ટ શરૂ કર્યા. આપણા દેશે તો ૧૯૫૧ થી નેપાળમાં અનેક કામો કર્યાં છે. પ્રકરણ શરૂ થઈ રહ્યું છે અને એ બંનેના હિતમાં પણ છે!

# પુષ્ટિમાર્ગના પ્રણેતા : શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્ય

મનન ચિંતન
ભરત બાવીશી




કૃષ્ણભક્ત અને પુષ્ટિમાર્ગના પ્રવર્તક વલ્લભાચાર્યની જયંતી વૈશાખ વદ એકાદશીના દિવસે આવતીકાલે છે. વૈશાખ વદ એકાદશીને વરૂથીને એકાદશી પણ કહેવામાં આવે છે. ૫૪૩ વર્ષ પહેલા એટલે કે સને ૧૪૭૯માં છત્તીસગઢ રાજયના રાયપુર નગરની પાસે ચંપારણમાં જન્મેલ વલ્લભાચાર્યજીને આજે પણ વૈષ્ણવ સંપ્રદાયમાં એટલા આદરભાવ અને શ્રધ્ધાથી પૂજવામાં આવે છે. કારણકે માત્ર ૧૧ વર્ષની કૂમળી વયે તેમણે માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી. આ બાળક સૌને પ્રિય હોવાથી તેમનુ નામ ‘વલ્લભ’ રાખવામાં આવ્યુ હતું. તેઓના ચરણારવિંદમાં શુભ ચિન્હોના દર્શન થતા. તેમણે બનારસમાં રહીને વેદ, વેદાંત, દર્શન, સૂત્રો, ધર્મશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસનો ઉંડો અભ્યાસ કર્યો હતો. તેમણે સમગ્ર ભારતમાં ભ્રમણ કરીને પોતાના ધાર્મિક વિચારો સાથે કૃષ્ણભક્તિના વિચારોનો પ્રચાર કર્યો હતો. રામેશ્વરથી હરિદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીના તીર્થોમાં ત્રણવાર ભ્રમણ કરીને તેમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો હતો. ફરતા ફરતા તેમણે ૮૪ ભાગવદ્ પારાયણ કરી હતી. જે સ્થાન પર તેમણે પારાયણ કરી હતી તે દરેક સ્થાન આજે ૮૪ બેઠકના નામે ઓળખાય છે. આ બેઠકજી પર શીશ નમાવીને દંડવત પ્રણામ કરીને વૈષ્ણવો આજે પણ ધન્યતા અને દિવ્યતા સાથે પરમ શાંતિનો અનુભવ કરે છે. અને શ્રી વલ્લભ સમીપ સમર્પણ ભાવથી સેવાપૂજા કરે છે. શ્રી વલ્લભાચાર્યજીએ જીવનમાં માનની કદી કોઈ અપેક્ષા રાખી નહોતી. એક ગૃહસ્થ ત્યાગીનું જીવન જ ગાળ્યુ હતું. ભગવદ્ વિરહનો સદા અનુભવ કરનાર આ આચાર્ય સંસારમાં રહેવા છતા અપરિગ્રહ જીવન પસંદ કરતા હતા. કદી સંઘરો કર્યો નહોતો. એવુ કહેવાય છે કે વ્રજમાં શ્રી ગોકુલમાં ગોવિંદઘાટ(શ્રી યમુનાજી) ઉપર તા.૩૦/૭/૧૫૦૬ ના દિવસે ખુદ શ્રીનાથજી શ્રી વલ્લભને દર્શન આપી ભેટી પડયા હતા. આ પ્રથમ મિલન શ્રી મહાપ્રભુજી હોય તો જ થાય. આજે આ દિવસ પવિત્ર એકાદશી તરીકે વિશ્વભરમાં ઉજવાય છે. શ્રી વલ્લભ જ પુષ્ટિ માર્ગના પ્રવર્તક અને ગુરૂ છે. એના દ્વિતિય આત્મજ શ્રી વીઠલનાથજી શ્રી ગુંસાઈજીનું સંપ્રદાયમાં “પ્રભુ” કે પ્રભુચરણ નામ દેશમાં વ્યાપક બન્યુ ત્યારથી એ પુત્ર ‘પ્રભુ’ તો તેમના પિતા “મહાપ્રભુ” એવુ બોલાવા લાગ્યુ. એટલે પુષ્ટિ સંપ્રદાયમાં શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુ તરીકે પૂજાય છે.



શ્રીમદ વલ્લભાચાર્યજીએ શ્રીમદ ભાગવત, વેદ, બ્રહ્મસૂત્ર તથા ગીતાજી મનોમંથન કરી જગતમાં સર્વસામાન્ય વ્યક્તિએ જીવન કેમ જીવવુ તેનુ સચોટ માર્ગદર્શન કર્યુ છે. મહાપ્રભુજીએ કૃષ્ણભક્તિ દ્વારા ધર્મના સિધ્ધાંતને સમજાવવા માટે એક નવો જ દ્રષ્ટિકોણ આપ્યો છે. તેમના મત મુજબ પ્રભુનો જીવો પ્રત્યનો જે સદભાવ, કૃપાદ્રષ્ટિ અને જીવનો પ્રભુમાં વિશ્વાસ એ જ પુષ્ટિમાર્ગ છે. વલ્લભાચાર્યજીએ પોતાના સિધ્ધાંતને પુષ્ટિમાર્ગ નામ આપ્યુ હતું. તેથી તેઓશ્રી પુષ્ટિમાર્ગના પ્રણેતા કહેવાય છે. તેઓ કહેતા કે સકલ સૃષ્ટિમાં બ્રહ્મ, બ્રહ્માંડ અને આત્મા અર્થાત ઈશ્વર, જગત અને જીવ આ ત્રણેય તત્વોમાં બધુ સમાવેશ થાય છે. આવી અદ્વૈત પુષ્ટિ કરાવનાર મહાપ્રભુજીના ચરોણામાં વંદન સાથે સૌને જયશ્રી વલ્લભ.

# ગાંડી ગીરના પ્રગતિશીલ ખેડૂતે શાકભાજીના પાકોમાં મેળવી સફળતા, તરબુચ ગુજરાતના સીમાડા બહાર

ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા



“ દુનિયાના ત્રાજવે તોળો તો મારા ખેડૂતોનું પલ્લુ ભારે
ધીરજ અને ખંત ખોલો તો એમાં સખત પરિશ્રમ બોલે ”



શિયાળાની ઠંડી હોય, ઉનાળાનો ધોમ ધખતો આકરો તાપ હોય, ચોમાસાની મેઘલી રાત હોય, વીજળી આકાશે લબકારા લેતી હોય ત્યારે હિન્દુસ્તાનના બે વ્યક્તિઓ જાગતા હોય છે. એક દેશની સેવા કરનાર અને દેશના સીમાડા સાચવનાર જવાન જેના હિસાબે જનતા આનંદથી સૂઈ શકે છે. દિવસ - રાત કિસાન મહેનત કરી અન્ન પેદા કરે છે અને જનતાનું પેટ ભરાય છે.

ભૂતકાળમાં ખેતી જીવન નિર્વાહ પધ્ધતિ હતી. આજે ખેતી આધુનિક ઢબનો વ્યવસાય બનતી જાય છે. ગ્રીન હાઉસ, નેટ હાઉસ જેવા આધુનિક સંશોધન ખેતીને ધીમે ધીમે ઈન્ડસ્ટ્રીઝ તરફ લઈ જઈ રહ્યા છે.


આજે વાત કરવી છે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના પંખીના માળા જેવડા સમૂહખેતી ગામના મહેનતકશ ખેડૂતની સફળતાની. સમૂહખેતી ગામના ખેડૂતશ્રી મધુભાઈ સાવલીયાએ ચિલા - ચાલુ ખેતી છોડીને ક્રોપ પેટન્ટમાં ફેરફાર કર્યા છે. ભલે ઝાઝુ ભણ્યા નથી પણ કોઠાસુઝ ખેડૂતના દિલમાં હોય જ તેનું જાગતું ઉદાહરણ એટલે મધુભાઈ સાવલીયા છે.

છેલ્લા વીસેક વર્ષથી શાકભાજીની ખેતી કરી રહ્યા છે. દર વર્ષે ટમેટાનું અને મરચાનું વાવેતર ખુબ મોટુ હોય છે. જેમ ફેકટરીમાંથી કોઈ ઉત્પાદન અન્ય જગ્યાએ મોકલવા ટ્રકની જરૂર પડે તેમ ટમેટા મોકલવા દરરોજ ટ્રકની લાઈન ગામડાના ખેડૂતના ખેતરે લાગે એથી વિશેષ બીજી કંઈ સફળતા હોઈ શકે.

આધુનિક ઢબે વાવેતર કરી ડ્રિપ, મલ્ચીંગ જેવી પધ્ધતિઓનો ૧૦૦% ખેતીમાં ઉપયોગ કરે છે. ઓછા રાસાયણિક ખાતરો, દવાઓનો ઉપયોગ કરે છે. તેમજ ખેતીમાં છાણીયા ખાતરનો ઉપયોગ કરીને જમીનને જીવંત રાખવાનાં પ્રયત્ન ખેડૂત મધુભાઈ કરી રહ્યા છે.

ચાલુ વર્ષે ૧૩૫ વિઘામાં તરબુચનું વાવેતર કર્યું છે. એક એકરે ૩૦ થી ૩૫ ટન તરબુચનો ઉતારો આવશે તેવો અંદાજ ખેડૂતે વ્યક્ત કર્યો છે. તરબુચનો પાક એ રોકડીયો પાક છે. જે ૬૦ થી ૭૦ દિવસે ઉત્પાદન આપતો થાય છે. હાલ તરબુચની સિઝન ચાલી રહી છે. ત્યારે મધુભાઈના તરબુચે ગુજરાતના સિમાડા બહાર પોતાની ગુણવત્તાની લોકપ્રિયતા મેળવી છે. તરબુચની ક્વોલિટી અને ગાંડી ગીરની રસદાર જમીનના હિસાબે સ્વાદ અને સુગંધ કંઈક અલગ હોય મધુભાઈના ફાર્મ ઉપરથી હાલ રોજના આઠથી દસ ટ્રક તરબુચ જમ્મુ - કાશ્મીર, પંજાબ, ચંદીગઢ, દિલ્હી જઈ રહ્યા છે. શ્રી મધુભાઈ સાવલીયાએ જણાવ્યું હતું કે ખેડૂત આત્મનિર્ભર બને તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે જે ખેડૂતોને હકિકતમાં સહાયની જરૂર નથી તેમણે ના લેવી જોઈએ અને અન્ય નાના ખેડૂતોને લાભો અપાવવા જોઈએ. ખેડૂતનો દીકરો બાપ - દાદાની જમીન છોડીને સુરત - અમદાવાદ મજૂરી કરે છે એ દુઃખની વાત છે. ખેડૂતના દીકરાઓએ ખેતીને ઈન્ડસ્ટ્રીઝ બનાવવી જોઈએ અને ક્રોપ પેટન્ટ કરાવવી જોઈએ. ત્યારે ખેડૂતોએ મધુભાઈ જેવા સફળ ખેડૂતની મુલાકાત લેવી જોઈએ.

## શબ્દ સંજોગ-૧૩૩૩



**આડી ચાવી :**
(૧) શોધવું, તપાસ કરવી (૩)
(૨) મેરા ભારત...... (૩)
(૫) નુકસાન, હાનિ (૨)
(૬) ગુજરાન માટે આપેલી જમીન (૩)
(૮) ઈમામ,ઉપદેશક (૩)
(૧૦) મિલકતનો હકદાર (૩)
(૧૧) ધતૂરો, સોનું (૩)
(૧૪) એક પક્ષી (૩)
(૧૬) અંધારુ, અંધકાર (૩)
(૧૮) નારી, મહિલા (૧)
(૨૦) સગવડ (૩)
(૨૨) ભાન, પ્રતીતિ (૪)
(૨૪) પ્રાંત, પ્રદેશ (૩)
(૨૬) કામકાજ વગરનું (૩)
(૨૭) એક વનસ્પતિ (૫)

**ઉભી ચાવી :**
(૧) ખોડંગતા ચાલીને રમવાની છોકરાની એક રમત (૫)
(૨) બુદ્ધિ (૨)
(૩) મેયરને ગુજરાતીમાં શું કહીશું? (૫)
(૪) કૃષ્ણના મામા (૨)
(૭) ગુજરાતનો એક નૃત્ય પ્રકાર (૨)
(૯) એક પાલતું પશુ (૩)
(૧૨) એક રાશિ (૨)
(૧૩) કાણું, છિદ્ર (૨)
(૧૫) હિંદુઓનો એક તહેવાર (૩)
(૧૭) બળે એવો એક વાયુ (૩)
(૧૯) અમુક પછી, અત્યારે (૨)
(૨૦) સરખું (૩)
(૨૧) શંકર ભગવાનના હાથમાં હોય (૩)
(૨૨) ભેળસેળ, મિશ્રણ (૩)
(૨૩) બાળવું તે(૩)
(૨૫) કલમનો કાપ (૨)

## શબ્દ સંજોગ-૧૩૩૨ જવાબ

**આડી ચાવી** :(૧) પરવર દિગાર (૬) જમા (૭) બરોળ (૮) તીરવા (૧૧) ગમાર (૧૩) કવન (૧૫) હેમ (૧૬) હામ (૧૭) વસાત (૧૯) રસો (૨૧) લો (૨૨) તરજ (૨૫) યશ (૨૭) કોકમ (૨૯) રાબ (૩૧) બનાવટ (૩૨) જાયફળ.
**ઉભી ચાવી:**(૧) પતેતી (૨) રજ (૩) દિમાગ (૪) રબર (૫) બળરામ (૯) રકમ (૧૦) વાવ (૧૨) માવતર (૧૪) નવ (૧૫) હેલ (૧૬) હાલત (૧૮) ભોજ (૨૦) સોય (૨૩) રવાના (૨૪) તક (૨૬) શરાફ (૨૭) કોટ (૨૮) મજા (૩૦) બળ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેડૂતોના ચાલુ સપ્તાહના ખેતી કાર્યો

ઉનાળુ મગફળી

●ઉનાળુ મગફળી આશરે ૧૨૦ દિવસે કાપણી માટે તૈયાર થઈ જાય છે. કાપણી સમયે જો જમીન કઠણ હોય તો હલકુ પિયત આપી હાથથી શકય તેટલા વહેલા છોડ ખેંચી લેવા અથવા કળીયાથી કાઢી, નાના નાના–ઢગલામાં સુકવણી કરવી.



● થ્રેસરથી ડોડવા છુટા પાડેલ ડોડવામાં રહેલ માટી, ડાખરા, કચરો વિગેરે પ્રિકલીનરમાં નાખી અથવા પવનમાં ધાર દઈને દુર કરવા. ત્યાર બાદ ગ્રેડેડ મગફળીના ડોડવા છાંયડામાં સુકવી ડોડવામાં ભેજનું પ્રમાણ ૮ ટકા થી ઓછુ હોય ત્યારે જંતુરહીત કંતાનના કોથળામાં ભરીને સંગ્રહ કરવો.

ઉનાળુ બાજરીઃ-

● પાક તૈયાર થયે સમયસર કાપણી કરી લેવી.

● ડુંડા બરાબર તપાવી, દાણા છુટા પાડી, દાણાને બરાબર સાફ કરી, પુરતા સુકવી, ભેજનું પ્રમાણ ૮ થી ૧૦% રહે ત્યાર પછી સંગ્રહ માટે યોગ્ય જગ્યાએ રાખવા.

● પાક નીંઘલ અવસ્થાએ આવે ત્યારે પૂર્તિ ખાતરનો બીજો હપ્તો હેકટર દીઠ ૩૦ કિલોગ્રામ નાઈટ્રોજન તત્વ એટલે કે ૬૬ કિલોગ્રામ યુરીયા અથવા ૧૫૦ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું.

શેરડીઃ-

● શેરડીમાં ભીંગડાવાળી જીવાત અને ચીટકો જીવાતના નિયંત્રણ માટે પાળા ચડાવતી વખતે ઈમામેકટીનબેન્ઝોએટ ૫ ટકા જમીનમાં આપવી.

ઉનાળુ કઠોળઃ-

● મગના બિયારણના ઉત્પાદકોને સલાહ આપવામાં આવે છે કે, બિયારણ સંગ્રહ માટે કઠોળના ભોટવાના નિયંત્રણ માટે, શીંગો પાકવાની અવસ્થાએ ઈન્ડોકઝાકાર્બ ૧૪.૫ એસસી, ૦.૦૧૨ % (૮ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી)નો છંટકાવ કરવાથી બે માસ સુધી આ જીવાતનો ઉપદ્રવ બિયારણના સ્ફુરણને આડઅસર થયા વગર આટકાવી શકાય છે.

● છોડમાં ફૂલ આવવા અને શીંગોમાં દાણા ભરાવાની અવસ્થાએ પિયત આપવું.

જુવારઃ-

● ઘાસચારાની જુવારની કાપણી ફૂલ આવતી વખતે કરવી.

● જમીનમાં રહેલ અલભ્ય ફોસ્ફરસ અને પોટાશને લભ્ય સ્વરૂપમાં રૂપાંતરિત કરવા અનુક્રમે ફોસ્ફેટ સોલ્યુબિલાઈઝીંગ બેકટરીયા અને પોટાશ સોલ્યુબિલાઈઝીંગ બેકટરીયાનો ઉપયોગ કરવો

શાકભાજીઃ-

● શાકભાજી ઉતરતા ન હોય તેવા પાકમાં મોલોમશી જોવા મળે તો મગફળી પાકમાં જણાવ્યા મુજબ દવા છાંટવી અને શાકભાજી ઉતરતા હોય તેવા પાકોમાં શાકભાજી ઉતારી લીધા બાદ ૧૦ લિટર પાણીમાં ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૩-૪ મિ.લિ. દવાનો છંટકાવ કરવો.

● મરચીમાં કાલવર્ણના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ વેપા ૩૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૭૫ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરિયાત મુજબ છંટકાવ કરવો.

પાકની કટોકટી અવસ્થાઓઃ

જુવારઃ ઘુટણની ઊંચાઈ, ધ્વજ પર્ણ, ફૂલવસ્થા.

મકાઈઃ ચમરી અવસ્થા, દાણા ભરાવા.

બાજરીઃ ફૂટ અવસ્થા, ધ્વજ પર્ણ, ફૂલ અવસ્થા.

મગફળીઃ ડાળી પડવી, ફૂલ બેસવા, સુયા બેસવા, ડોડવા ભરાવા.

તલઃ ફૂલ અવસ્થા, દાણા બેસવા.

ડુંગળીઃ દડા ભરાવા, દડા વિકાસ, પાકતા પહેલા.

ડુંગળીઃ-

● પાકેલા લોથા વાઢી લીધા પછી ખળામાં ૧૫ થી ૨૦ સેન્ટીમીટરના થર બનાવી સુકાવવા.

● બીજને ૭% ભેજ રહે તે રીતે સુકવણી કરવી કે જેથી સંગ્રહ દરમ્યાન બીજમાં ઉગવાની શક્તિ અને જુસ્સો જળવાઈ રહે.

● બીજને હવાની અવરજવરવાળી અને ભેજરહિત ઠંડકવાળી જગ્યાએ સંગ્રહ કરવો.

● ડુંગળીના છોડની ટોચ નમી ન જાય ત્યાં સુધી એટલે કે, એપ્રિલ-મે માસ દરમિયાન ખેતરમાં જ રહેવા દેવામાં આવે છે. કાપણી સમયસર કરવી, મોડી કાપણી કરવાથી કાંદાની ગુણવત્તા બગડે છે.

(બાગાયતી પાકો)

આંબાઃ-

● ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિ દરમ્યાન કેનોપી મેનેજમેન્ટ કરવાનું હોવાથી, ભેટ કલમની સરખામણીએ એપીકોટાઈલ (ચીપીયા કલમ) કે નૂતન કલમનો ઉપયોગ કરવો હિતાવહ છે.

● ઉનાળામાં ખાડા-૧મીટ અંતર રાખવુ, ચોમાસા અથવા ઉનાળા પહેલાં રોપણી કરવી. રોપણી બાદ ખામણા કરવા, ટેકા આપવા, ટપક પધ્ધતિ મુકવી, છોડને રક્ષણ આપવું.

પપૈયાઃ-

● નવું વાવેતર કરવા માટે એક એકરે ૧૦૦ ગ્રામ સારી જાતનું બીજ પસંદ કરી ધરૂવાડિયું તૈયાર કરવું.

● પપૈયાની સારી જાતો જેવી કે જીજેપી-૧, વોશિંગ્ટન, મધુબિંદુ, કોઈમ્બતુર, પૂસા-ડેલીસીયસ જેવી જાતો પસંદ કરવી.

દાડમઃ-

● જીવાતથી નુકસાન પામેલ ફળોનો નાશ કરવો.

● ફળ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઈ.સી. ૧૫ મિ.લિ. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈ.સી. ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

ચીકુઃ-

● ૫ થી ૬ દિવસે નિયમિત પિયત આપવું. વધુ પડતી ગરમીથી ફૂલ ખરી જતાં હોય તો પિયતનો ગાળો ઘટાડવો.

● કળી કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઈ.સી. ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.


લીંબુઃ-

● જરૂરિયાત મુજબ ૫ થી ૬ દિવસે થડને પાણી ન લાગે તે રીતે પિયત આપતા રહેવું.

● ગુંદરીયા રોગવાળા ભાગને ચપ્પુથી સાફ કરી બોર્ડોપેસ્ટ લગાવવી.

તરબૂચઃ-

● મધ્ય ગુજરાતના ખેડૂતોએ તરબૂચમાં પાનકોરીયાના નિયંત્રણ માટે સાયાન્ટ્રાનીલીપ્રોલ ૧૦ ઓડી ૧૦ મિ.લિ./૧૦ લિટર પાણીમાં પ્રથમ છંટકાવ વાવણી બાદ ૪૦ દિવસે અને ત્યારબાદ બીજો છંટકાવ ૧૫ દિવસે કરવો





ડો.જી.આર. ગોહિલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક

માઈકોરાઈઝા :-

● આ એક પ્રકારની ફુગ છે, જે છોડના મૂળની સાથે સહજીવી રહી છોડને ફોસ્ફરસ તત્વ મેળવવામાં મદદ કરે છે. આ પ્રકારના જૈવિક ખાતરની ભલામણ નર્સરી તેમજ ફેરરોપણીથી ઉગાડાતા પાક માટે કરવામાં આવે છે. તમાકુ, નાગલી, મરચી, ટામેટા,લીંબુ આંબામાં તેના સારા પરિણામ પ્રાપ્ત થાય છે.

જૈવિક ખાતર વાપરવાની રીત

● જૈવિક ખાતરનો ઉપયોગ પાકની વાવણી વખતે બિયારણને પટ માટે.

● સામાન્ય રીતે બજારમાં વેચાતા જૈવિક ખાતરના પેકેટનું વજન ૨૦૦ – ૨૫૦ ગ્રામ હોય છે.

● આ પેકેટમાંના પાઉડરને ૨૦૦ – ૩૦૦ મિ.લી. ચોખ્ખા પાણીમાં નાખી મિશ્રણ બનાવો.

● આ મિશ્રણને એક એકરના બિયારણને (૮ – ૧૦ કિ.ગ્રા.) સાથે ભેળવી હાથ વડે એક સરખો પટ લાગે તે રીતે ભેળવો.

● પટ આપેલ બિયારણને ઠંડી જગ્યામાં સૂકવો અને ભરભરું થયા બાદ

# ફૂલ પાકોમાં મૂલ્યવર્ધન

ભારત કૃષિ પ્રધાન દેશ હોવાથી રાષ્ટ્રની આવકમાં કૃષિ પેદાશોનો મોટો હિસ્સો છે તેમજ ફ્લોરીકલ્ચરને હાલના સમયમાં વધુ નફાકારક કૃષિ-ઉદ્યોગ તરીકે ગણવામાં આવે છે. ફૂલો એ અત્યંત નાશવંત બાગાયતી ખેત પેદાશો હોવાથી, સામાન્ય ખેડૂતો દ્વારા કાપણી પછીની પ્રમાણભૂત વ્યવસ્થાપન પદ્ધતિઓને અનુસરવામા ન આવે તો માર્કેટિંગમાં કેટલીક અડચણો રહે છે. આ માટે આપણે વૈજ્ઞાનિક અભિગમ અપનાવી પ્રોસેસીંગ દ્વારા મુલ્ય વર્ધક બનાવટોમાં ફૂલ પાકોને રુપાંતરીત કરવી પડે.

પ્રોસેસીંગ દ્વારા ઉચ્ચ ગુણવતાવાળી પેદાશો મળે છે, આર્થિક વળતર વધુ મળે છે, પોસ્ટ હાર્વેસ્ટ લોસીસ અટકાવી શકાય છે, ફૂલોની સંગ્રહ શકિતમાં વધારો થાય છે, મૂલ્ય વર્ધક યુનિટો ( કૃષિ ઉદ્યોગો) દ્વારા માનવ રોજગારીની તકો વધારી શકાય છે, આવી બનાવટો નિકાસ કરી વિદેશી હુંડીયામણ કમાઈ શકાય છે, ખેડૂતોને ઉપજના વધારે ભાવો મળવાથી ગ્રામ્ય સ્તરે સામાજીક અને આર્થિક ધોરણો સુધારી શકાય છે. આમ ફૂલ પાકોમા પણ પ્રોસેસીંગ દ્વારા મૂલ્ય વૃધ્ધિથી ઘણા ફાયદાઓ મેળવી શકાય છે.

આજકાલ ઘણી બધી કંપનીઓ દ્વારા વિવિધ પ્રકારના મૂલ્યવર્ધિત ઉત્પાદનો તૈયાર કરવામાં આવે છે અને તેનું માર્કેટિંગ કરવામાં આવે છે જેમાં આવશ્યક તેલ, સુગંધીત પેદાશો, ફાર્માસ્યુટિકલ અને ન્યુટ્રાસ્યુટિકલ સંયોજનો, જંતુનાશક સંયોજનો, રંગદ્રવ્યો અને કુદરતી રંગ, વેનીલા આધારિત ઉત્પાદનો, ગુલકંદ, ગુલાબ જળ વગેરેનો સમાવેશ થાય છે. ફૂલોની વસ્તુઓ ઉપરાંત, ફૂલોની ગોઠવણી અને ફૂલોના ઓર્નામેંટ્સ એ તાજા ફૂલોના ઉપયોગથી કરવામા આવતી મહત્વપૂર્ણ મૂલ્યવૃદ્ધિ છે. ફૂલો અને અન્ય સુશોભન વસ્તુઓમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

મૂલ્યવર્ધન એટલે શું?

ખેત પેદાશોને અનુકૂળ વિવિધ પ્રોસેસિંગ પ્રક્રિયાઓ કરીને ગ્રાહકની રૂચી, પસંદગી અને જરુરિયાત પ્રમાણેના સ્વરૂપમાં તૈયાર કરીને બજારમાં વેચવામાં આવે તો તેનાથી સારી આવક મેળવી શકાય. જેને પાકનું મૂલ્યવર્ધન કહેવાય. દાખલા તરીકે ફૂલો ન વેચતા એમાથી "બુકે" બનાવી વેચવામા આવે તો એને મૂલ્યવર્ધન કહેવાય છે.

મૂલ્યવર્ધન શા માટે?

● તાજા ફૂલોના અસ્થિર ભાવ.

● લણણી પછીના નુક્સાનને ઘટાડવા માટે.

● નફો ઉમેરીને ખેતીની આવક સ્થિર કરવા માટ.

● રોજગારી પુરી પાડવા માટે.

મૂલ્યવર્ધનના પ્રકારો

● તાજા ફૂલોની ગોઠવણી

● ફૂલોના ઓર્નામેંટ્સ

● સુકા ફૂલોની ગોઠવણી

સુકા ફૂલો અને સુકા છોડના ભાગો દ્વારા નયનરમ્ય ગોઠવણી કરી શકાય છે. સુકા ફૂલો, પાંદડીઓ કે ડાળીનો ઉપયોગ જુદી જુદી રીતે થઈ શકે છે જેમ કે કલાત્મક ફૂલોની ગોઠવણી દીવાલ ફ્રેમ, પેપર વેઈટ્સ, ટેબલ ટોપ્સ, મીણબતી, પોટ પોરી વગેરે વસ્તુઓ બનાવી એમાથી સારી કમાણી કરી શકાય છે. સુકા ફૂલોના અનેક ફાયદાઓ છે. જેમ કે મોસમી ફૂલોની સુંદરતા સુકા ફૂલો વડે આખા વર્ષ દરમિયાન સાચવી શકાય છે. સુકા ફૂલો બાયો ડીગ્રેડેબલ(કોહવાણ થઈ શકે તેવા) હોય છે તેમજ સુકા ફૂલોની ગોઠવણી લાંબો સમય જાળવી શકાય છે.



● વિવિધ ખાદ્ય પદાર્થો

૧. ગુલકંદ

પ્રો. તૃપ્તી ડોડિયા, ડો. એમ. કે. બારીયા અને ડો. બી. વી. ઠુંમર
કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારીયા

ગુલાબની પાખડીઓનો ઉપયોગ કરી ગુલકંદ બનાવવામા આવે છે. આ માટે ગુલાબની હાથથી ચોળેલ પાખડીઓ અને સાકર સરખા ભાગે લઈ કાચની બરણી મલમલના કપડા વડે બંધ કરી સૂર્યતાપમાં મુક્વી. જ્યારે સાકર પિગળી પાખડીઓ સાથે એકરસ થઈ જાય ત્યારે ગુલકંદ તૈયાર થાય છે. સામાન્ય રીતે ૧૫-૨૦ દિવસ જેટલો સમય લાગે છે. ગુલકંદ રેચક તેમજ સ્વાથ્યવર્ધક મનાય છે. જેનો ઉપયોગ રક્તદોષ, ઓરી, શીતળા, ચામડીના દર્દો પર અસરકારક છે.

૨. હર્બલ ચા :-

ગુલાબની પાંખડી અથવા ફૂલની કળીઓને કેટલીક વાર હર્બલ ચા બનાવવા માટે અન્ય ઔષધો સાથે મિક્ષ કરી ઉપયોગમા લેવામા આવે છે.

૩. ગુલાબનું શરબત :-

સાકરથી ત્રણ ગણુ ગુલાબજળ લઈ ધીમા તાપે ચાસણી બનાવી શરબત બનાવવામા આવે છે. આ શરબત ઉનાળાની ગરમીમાં ખુબ રાહત આપે છે. તે પિત્ત નાશક અને રક્ત સંગ્રાહક છે.

૪. ગુલાબપાક :-

ગુલકંદની બનાવટની જેમ ગુલાબપાક બનાવાય છે. જેમા સાકરની ચાસણીમા ગુલાબના તાજા ફૂલની પાખડીઓ, એલચી, બદામ વગેરે નાખી પાક બનાવવામા આવે છે. તેના ગુણો પણ ગુલકંદ જેવા જ છે.

# ગૌણ ઔષધિય વનસ્પતિઓ : શતાવરી, ગળો, વછનાગ અને મધુનાશીની

વછનાગઃ-

ચોમાસાની ઋતુમાં વાડમાં, શેઢા પર કે પડતર જમીનમાં ઉગી નીકળતા વછનાગના છોડથી ઘણા લોકો પરિચિત હશે. તે લાલ અને પીળા રંગના આકર્ષક ફૂલો ધરાવે છે. આ અત્યંત ઉપયોગી વનસ્પતિ ને કેટલીક ખોટી માન્યતાને કારણે તિરસ્કૃત બનાવી દેવામાં આવેલ છે. અને તેને વધવાડિયો ( ઝઘડો કરાવનાર) નું બિરુદ આપી દેવામાં આવેલ છે. હકીકતમાં પ્રાચીન અને અર્વાચીન ચિકિત્સા પધ્ધતિઓમાં તેનું ઘણું મહત્વ છે. અલબત વછનાગને તેમાં રહેલ રાસાયણિક તત્વોની માત્રાને કારણે ઝેરી વનસ્પતિ ગણવામાં આવે છે. તેથી તેનાથી દુર રહેવા વધવાડિયા તરીકે ઓળખ આપવામાં આવી હોય તે શક્ય છે. તેના બીમાં રહેલ કોલ્ચીસીન રસાયણ સંધિવાત અને 'ગાઉટ' ની દવા તરીકે ઉપયોગી છે. જયારે તેના કંદ ભારતીય ચિકિત્સા પધ્ધતિમાં સાપના દંશમાં અને કૃમિનાશક તરીકે વપરાય છે.

ગોરાડું, મધ્યમ કાળી કે કાંપવાળી જમીન કે જેની ભેજ સંગ્રહશક્તિ સારી હોય તેવી જમીન તથા ગરમ અને ભેજવાળું વાતાવરણ તેને વધુ માફક આવે છે. વછનાગનું સવર્ધન બીજ કે કંદથી કરી શકાય છે. કંદનો આકાર અંગ્રેજી અક્ષર 'વી' જેવો હોય છે. સામાન્ય રીતે ચોમાસાની સરુઆતમાં (મે થી જુલાઈ દરમિયાન) કંદ પર રહેલ આંખોનું સ્ફુરણ શરુ થઈ જાય છે. વાવેતર માટેના કંદનું વજન ૫૦-૬૦ ગ્રામથી ઓછુ હોવું જોઈએ નહી. વાવતા અગાઉ ૦.૧% કાર્બેન્ડાઝીમ ફૂગનાશક દવાનો પટ આપવાથી કંદના કોહવાટનું નિયંત્રણ થાય છે. વછનાગ વેલાવાળી વનસ્પતિ હોવાથી તેને ટેકાની જરૂર પડે છે.

સામાન્ય રીતે વછનાગનું



વાવેતર કંદથી કરવામાં આવે છે. કંદને વાડની બાજુમાં ચોમાસામાં ૪૫ સે. મી. ના અંતરે અને ૬ થી ૮ સે. મી. ની ઊંડાઈએ રોપવા. વૃદ્ધિ દરમિયાન વછનાગમાં મુખ્ય જીવાત લીલી ઈયળ જોવા મળે છે. આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે કે તરત કલોરપાયરીફોસ દવા ૨૦ ઈ.સી. ૨૦ મિ.લિ. અથવા ક્લોરેન્તીનીલીપ્લોર ૧૮.૫ એસી.સી. (૦.૦૬%) ૩ મિ.લિ. જંતુનાશક દવા ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. જરૂર જણાય તો બીજા બે છંટકાવ કરવા. આ પાકમાં સામાન્ય રીતે કોઈ રોગનો ઉપદ્રવ જોવા મળતો નથી.

વછનાગની શીંગો ૧૭૦ થી ૧૮૦ દિવસે પાકી જાય છે. પાકી ગયેલ શીંગો ફાટી જાય તે પહેલા એકઠી કરવી અને સૂર્યપ્રકાશમાં સૂકવવી. ત્યારબાદ બીજ જુદા પાડી, પેકિંગ કરી સંગ્રહ કરવો.

વછનાગની ખેતી પધ્ધતિ વિકસાવી એકલા પાક તરીકે લેવાના પ્રયત્નો અન્ય રાજ્યોમાં થયેલ છે. જો યોગ્ય માંગ ઉભી થાય તો વધુ ઉત્પાદન મળે તથા આર્થિક રીતે પોષણક્ષમ બને તેવી આપણા રાજ્યને અનુકૂળ ખેતી પદ્ધતિ વિકસાવી શકાય.

મધુનાશીની :-

મધુનાશીનીને ગુદમાર તરીકે પણ ઓળખવામાં આવે છે. નામ પ્રમાણે તેનામાં પ્રમેહનો નાશ કરવાનો ગુણ છે જેથી મધુપ્રમેહ (ડાયાબીટિસ) ની દવાઓ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. દવા તરીકે તેના લીલા અથવા સુકા પાનનો ઉપયોગ થાય છે. તેનું એકાદ પાન પણ જો ચાવવામાં આવે અને ત્યાર પછી ગળી વસ્તુ ખાવામાં આવે તો પણ તેનો સ્વાદ થોડો સમય સુધી લાગતો નથી.

ડો. બી. વી. ઠુમર અને ડો. કે. વી. પટેલ
કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા

મધુનાશીની સામાન્ય રીતે ગરમ ભેજવાળા જંગલોમાં જોવા મળે છે. તેની ખેતી માટે ગરમ ભેજવાળું વાતાવરણ વધુ માફક આવે છે. વધુ પડતી ઠંડીમાં તેની વૃદ્ધિ અટકે છે. દિવસે દિવસે તેની માંગ વધતા તેનું વ્યવસ્થિત વાવેતર કરવું જરૂરી બન્યું છે. માટે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે તેની ખેતી માટે પ્રાથમિક સંશોધન હાથ ધરવામાં આવેલ છે. તેની ખેતી માટેના પ્રાથમિક મુદા નીચે પ્રમાણે છે.

મધુનાશીનીના વેલા થાય છે. તે બહુવર્ષાયું છોડ છે. તેનું વાવેતર વાડે કરી શકાય છે. વાડે દર ૧ મીટરના અંતરે રોપી શકાય તેમજ ખેતરમાં વાવણી કરવી હોય તો ૧ મીટર ૦.૫૦ મીટરના અંતરે જૂન-જુલાઈ માસમાં સારો વરસાદ થતા અગાઉથી કટકા કલમ કે બીજથી કોથળીમાં ઉછેરેલા છોડથી કરવી જોઈએ. મધુનાશીનીને સામાન્ય રીતે રસાયણિક ખાતર આપવામાં આવતું નથી. પરંતુ સારા પ્રમાણમાં સેન્દ્રીય ખાતર દર વર્ષે જૂન માસમાં નાખવું જરૂરી છે. મધુનાશીનીને પાણીની વધુ જરૂરિયાત રહે છે. માટે જમીન ભીની રહે તે પ્રમાણે પિયતનું આયોજન કરવું. વાવેતર પછી ૬ માસ બાદ તેના પાન તોડી શકાય. પાન મધ્યમસરના થાય એટલે કાપણી કરી છાયામાં સુકવણી કરવામાં આવે છે જેથી લીલો રંગ જળવાઈ રહે છે.

# પ્રધાનમંત્રી મોદીએ જમ્મુમાં સોલાર પ્લાન્ટ અર્પણ કર્યો

(એ.આર.એલ),જમ્મુ,તા.૨૪

રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસના અવસરે જમ્મુના સામ્બા જિલ્લાની પલ્લી પંચાયતનું નામ ઈતિહાસમાં નોંધાઈ ગયું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પલ્લી પંચાયતના લોકોને ૫૦૦ કિલોવૉટ ક્ષમતાવાળો પાવર પ્લાન્ટ સમર્પિત કર્યો છે.

તેમણે દેશની ગ્રામ પંચાયતોને સંબોધિત કરતાં કહ્યું કે,"સામ્બા જિલ્લાના પલ્લીમાં ૫૦૦ કિલોવૉટ સોલર પ્લાન્ટના ઉદ્‌ઘાટનની સાથે જ તે દેશની પ્રથમ કાર્બનમુક્ત પંચાયત બની ગઈ છે. પલ્લીના લોકોએ સાબિત કર્યું કે 'સબકા પ્રયાસ' શું કરી શકે છે." આ બાદ પલ્લી કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની પ્રથમ કાર્બનમુક્ત પંચાયત બની ગઈ છે. અહીંના સ્થાનિક પાવર ગ્રિડ સ્ટેશનથી ઘરોમાં કાર્બનરહિત વીજળીનો પુરવઠો પૂરો પડાશે.




કેન્દ્ર સરકાર દ્વારા આ પ્લાન્ટ ૨.૭૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આ પ્લાન્ટ અહીંનાં ૩૪૦ ઘરોમાં સૌર ઊર્જા ઉપલબ્ધ કરાવવા માટે ૨૦ દિવસમાં ઊભો કરાયો છે.

# જડબાતોડ જવાબ : ચીની નાગરિકોને અપાયેલા ભારતીય ટુરિસ્ટ વિઝા હવે માન્ય નહી ગણાય

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ચીની નાગરિકોના ટુરિસ્ટ વિઝા પર રોક લગાવી દીધી છે. આંતરાષ્ટ્રીય હવાઈ પરિવહન સંઘે કહ્યું કે, ચીની નાગરિકોને અપાયેલા ભારતીય ટુરિસ્ટ વિઝા હવે માન્ય નહીં ગણાય. ભારત સરકારના આ નિર્ણયને ચીનને આપેલા જડબાતોડ જવાબ તરીકે જોવામાં આવી રહ્યો છે. ભારતે આ નિર્ણય એ સમયે લીધો છે જ્યારે, ચીને ભારતના ૨૦ હજાર વિદ્યાર્થીઓને પરત ચીન આવવા દેવાની મંજૂરી નથી આપી. કોરોના મહામારી શરુ થઈ ત્યારે ભારતના ઘણા વિદ્યાર્થીઓ ચીનમાં ફસાયા હતા. એ સમયે ભારત સરકારે ચીનમાં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીઓનું રેસ્ક્યુ કર્યું હતું. હવે કોરોનાની સ્થિતિ સમાન્ય થઈ છે ત્યારે ચીન ભારતના ૨૦ હજાર વિદ્યાર્થીઓને પરત આવવાની મંજૂરી નથી આપી રહ્યું. વિદેશ મંત્રી એસ. જયશંકરે માર્ચ મહિનામાં ચીનના વિદેશમંત્રી વાંગ યી સામે આ મુદ્દો ઉઠાવ્યો હતો. પરંતુ ચીન તરફથી કોઈ પ્રતિક્રિયા નથી આપવામાં આવી.




# ભાજપ નેતાઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરશે દિગ્વિજય સિંહ

(એ.આર.એલ),ભોપાલ,તા.૨૪

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે ટ્વીટ કરતા લખ્યું છે કે જે ભાજપ નેતાઓ સોશિયલ મીડિયા પર કોંગ્રેસ નેતાઓના એડિટેડ વીડિયો દેશભરમાં વાયરલ કરે છે એવા નેતાઓની વિરૂધ્ધ તે તાકિદે એફઆઈઆર દાખલ કરાવશે. દિગ્વિજયસિંહે ટ્વીટમાં આગળ લખ્યું છે કે ભાજપ અમારા નિવેદનોને એડિટ કરી બદનામ કરે છે આ તેનું જવલંત ઉદાહરણ છે



શું આ જુર્મ નથી, કાનૂની સલાહ લઈ હું જે ભાજપ નેતાઓએ તેને પ્રસારિત કર્યા છે તેમની વિરૂધ્ધ એફઆઈઆર પણ કરાવીશ અને માનહાનિનો દાવો પણ કરાવીશ.

# સાંસદ નવનીત રાણાએ ધારાસભ્ય પતિ સાથે પોલીસ સ્ટેશનમાં રાત વિતાવી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૪

મુંબઈ પોલીસે ધર્મના આધારે બે જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના સંબંધમાં સાંસદ નવનીત અને રવિ રાણાની ધરપકડ કરી અને બંનેને ખાર પોલીસ સ્ટેશન લઈ ગયા. સ્થિતિ એવી બની કે શનિવારે નવનીત રાણાના ઘરની બહાર આખો દિવસ હોબાળો થયો. આ બધાની વચ્ચે પોલીસ નવનીત રાણા અને રવિ રાણાને કસ્ટડીમાં લઈને સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ ખાર પોલીસ સ્ટેશન પહોંચી. ત્યારબાદ આ કાર્યવાહીને લઈને અનેક સવાલો ઉભા થવા લાગ્યા. તમને જણાવી દઈએ કે બંનેએ આખી રાત પોલીસ સ્ટેશનમાં જ વિતાવી હતી.



# દિલ્હીના ૪૦ મુસ્લિમ ગામોના નામ બદલવા ભાજપ અધ્યક્ષની યોજના


(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૪

દિલ્હીના પ્રદેશ ભાજપ અધ્યક્ષ આદેશ ગુપ્તાએ શનિવારે દિલ્હીના ૪૦ ગામોના મુસ્લિમ નામો બદલવાની પોતાની યોજના જાહેર કરી હતી. ઉલ્લેખનીય છે કે, આદેશ ગુપ્તા કથિત 'રોહિંગ્યાઓ અને બાંગ્લાદેશીઓ' દ્વારા કરવામાં આવેલા અતિક્રમણ સામે પાર્ટી દ્વારા ચલાવવામાં આવેલા 'બુલડોઝર' અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા છે. આદેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, તેમની પાર્ટી કેજરીવાલ સરકારને દિલ્હીના ૪૦ ગામોના નામ બદલવા માટેનો પ્રસ્તાવ મોકલશે જે 'ગુલામી'ના સમયના પ્રતીક સમાન છે. તેમણે કહ્યું હતું કે, 'આ નામ જે રેખાંકિત કરે છે તેવી ગુલામીની માનસિકતા સાથે કોઈ જ નથી રહેવા માગતું. મને અનેક ગ્રામીણોના પ્રસ્તાવ મળ્યા છે જેમાં તેમણે પોતાના ગામોના નામ બદલવા માટે અનુરોધ કર્યો છે.'

# લોકો સુરક્ષા માટે ઘરમાં તીર-કામઠાં રાખે : સાક્ષી મહારાજ

(એ.આર.એલ),લખનૌ,તા.૨૪

ઉત્તર પ્રદેશના ઉન્નાવ ખાતેથી ભાજપના સાંસદ અને ફાયર બ્રાન્ડ નેતા સાક્ષી મહારાજે ફેસબુક પર એક વિવાદિત પોસ્ટ શેર કરી છે. સાક્ષી મહારાજે પોસ્ટમાં લોકોને પોતાની સુરક્ષા માટેના ઉપાયો સમજાવ્યા છે. આ સાથે જ તેમણે પોલીસને કાયર ગણાવી છે. પોતાના નિવેદનો માટે સતત વિવાદોમાં ઘેરાયેલા રહેતા સાક્ષી મહારાજે ફેસબુક પોસ્ટમાં લખ્યું



હતું કે, તમારા ગલી-મહોલ્લામાં, ઘરે અચાનક ટોળું ધસી આવે તો બચવા માટે તમારી પાસે કયા ઉપાયો છે, જો ન હોય તો કશુંક કરી રાખો. સાક્ષી મહારાજે ફેસબુક પોસ્ટમાં વર્ગ વિશેષને ચિન્હિત કરીને ઘરમાં કોલ્ડ ડ્રીંક્સની બોટલ્સ અને ઓરિજનલ તીર-કામઠાં રાખવાની સલાહ આપી છે. તેમણે પોલીસને કાયર અને ડરપોક ગણાવીને લખ્યું હતું કે, 'જ્યારે ટોળાં તમારા ઘર સુધી ધસી આવશે ત્યારે પોલીસ પોતે કોઈ ખૂણામાં સંતાઈ જશે. જ્યારે લોકો જિહાદ કરીને પાછા જતા રહેશે ત્યારે પોલીસ ડંડા ઠોકવા માટે આવી જશે.

# લખનૌએ મુંબઈને જીતવા માટે ૧૬૯ રનનો લક્ષ્યાંક આપ્યો

મુંબઈ તા.૨૪

મુંબઈ ખાતે રમાઈ રહેલી લખનૌ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચમાં મુંબઈએ ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. લખનૌએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૬૮ રન બનાવ્યાં હતાં. જેમાં કે.એલ. રાહુલે ફરી સદી ફટકારતાં ૧૦૩ રન બનાવ્યાં હતાં. જયારે મનીષ પાંડેએ ૨૨ રન બનાવ્યાં હતાં. મુંબઈ તરફથી રિલે મેરિડિથ અને



પોલાર્ડે બે - બે તથા ડેનિયલ સેમ્સ અને જસપ્રીત બુમરાહે એક - એક વિકેટ ઝડપી હતી. આ લખાય છે ત્યારે મુંબઈએ ૮ ઓવરમાં એક વિકેટે ૫૪ રન બનાવી લીધા હતાં.

# લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી પ્રધાનમંત્રીને સન્માનિત કરાયા

મુંબઈ, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈની મુલાકાતે પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પ્રથમ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, સંગીત, સાધના અને ભાવના પણ છે. કાર્યક્રમ દરમિયાન પીએમ મોદી લતા મંગેશકરને યાદ કરતા ભાવુક થયા હતા. પીએમ મોદીએ કહ્યું કે ઘણા દાયકાઓ પછી આ પહેલો રક્ષાબંધનનો તહેવાર આવશે, જ્યારે દીદી નહીં હોય.



# એલમપુર ગામે માલિકીની જમીન પચાવી પાડનાર ૬ સામે લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો

ઉના, તા.૨૪

ઉનાના એલમપુર ગામે માલિકીની જમીન પર છેલ્લા ત્રણ વર્ષથી ૬ શખ્સો દ્વારા પચાવી પાડી કબ્જો કરી લેતા આ અંગે પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. એલમપુર ગામે સોદરીયુ નામની સીમમાં સર્વે નં.૬૬૮ ખાતા નં.૬૭૬ વાળી હાકેમસિંહ મંગળસિંહ સોલંકી નિવૃત કર્મી. રહે. ઉનાવાળાની સંયુક્ત માલિકીની નવ વિઘા ખેતીની જમીન આવેલી છે. આ જમીનમાં છેલ્લા ત્રણેક વર્ષથી બાલુ ચીના શિંગડ, શાન્તુબેન બાલુ શિંગડ, છગન ચીના શિંગડ, સોનાબેન છગન શિંગડ, ભરત ચીના શિંગડ, કરશન ચીના શિંગડ સહિતના શખ્સોએ ગેરકાયદેસર પચાવી પાડવા કબ્જો કરી તેમાં મકાન બનાવી લીધુ હોય અને જમીનના આવવા જવાના રસ્તામાં પથ્થરો નાખી ગેરકાયદે અવરોધ ઉભો કર્યો છે. તથા ગાળો ભાંડી ધમકી પણ આપતા હોય આ બાબતે હાકેમસિંહએ આ તમામ સામે ફરિયાદ કરતા પોલીસે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેશમાં બુલેટ ટ્રેન બનાવનારા ઈજનેરોના પગાર પર ઈન્કમટેક્સ બાબતે જાપાને સવાલ ઉઠાવ્યાં

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૪

મુંબઈથી અમદાવાદ વચ્ચેનું અંતર ઓછું કરવા માટે દોડનારી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં નવી અડચણ આવી છે. જમીન સંપાદન અને પર્યાવરણ સાથે જોડાયેલી ચિંતાઓને દૂર કર્યા બાદ હવે ઈન્કમટેક્સનો મામલો ઉભો થઈ ગયો છે. જાપાને આ પ્રોજેક્ટમાં લાગેલા પોતાના એન્જિનિયરોની કમાણી પર લાગનારા ઈન્કમટેક્સને લઈને સવાલો ઉઠાવ્યા છે. જાપાને કહ્યું છે કે આ ટેક્સ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ્સની ડિઝાઈન સાથે જોડાયેલા કામ સંભાળી રહેલા કન્સલ્ટન્ટ્સ પર લાગવો જોઈએ નહીં. અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે, જાપાને કહ્યું છે કે ભારત સરકારે આ કન્સલ્ટન્ટ્સને મળનારી ફી અને અન્ય ખર્ચાઓ પર ઈન્કમટેક્સ લગાવવો જોઈએ નહીં. એટલું જ નહીં આ મુદ્દા વણઉકેલ્યા રહેવાની સ્થિતિમાં યોજનામાં વિલંબને લઈને પણ ચેતવણી આપી છે.



જાપાનની સરકારે ભારતના ઈન્કમટેક્સ એક્ટની ક્લોઝ ૮, ૮એ અને ૮બી તથા કલમ ૧૦ના ક્લોઝ ૯ને લઈને વાંધો વ્યક્ત કર્યો છે. આ યોજનામાં જાપાને ભારત સરકારને લોન પણ આપી છે. જાપાનનો તર્ક છે કે તેની જ ગ્રાન્ટથી આગળ વધી રહેલી યોજનામાં કાર્યરત જાપાની નાગરિકોની આવક પર ઈન્કમટેક્સ લાગવો જોઈએ નહીં.

# રાજ્યમાં બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ

અમદાવાદ, તા.૨૪

રાજ્યભરમાં આજે યોજાયેલી બિન સચિવાલયની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. પરીક્ષા કેન્દ્ર પર પેપર પૂર્ણ થયા બાદ બહાર આવતા વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીનો માહોલ જોવા મળ્યો. ૩૯૦૧ જગ્યા માટે ૪ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. અગાઉ આ પરીક્ષા ત્રણ વખત રદ કરવામાં આવી ચૂકી છે. ત્યારે ફરી ચોથી વખત ઉમેદવારો આજે પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. રાજ્યના ૩૨ જિલ્લાના ૩૨૪૩ કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉના વર્ષોની સરખામણીએ આ વખતનું પેપર પ્રમાણમાં સરળ હતું. ત્યારે પરીક્ષામાં કોઈ ગેરરીતિ અને ગેરવ્યવસ્થા ન થાય તેને લઈને તંત્ર દ્વારા કડક ચેકિંગ કરાયું હતું. પરીક્ષા આપવા આવેલા ઉમેદવારના માસ્ક અને દુપટ્ટા પણ દૂર કરાવ્યા અને ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ સિવાય અન્ય પાણીની બોટલો પણ દૂર કરાવી હતી.

# ઉનાના સામતેરમાં આંગણવાડી કેન્દ્રનું કામ ૮ માસથી અધૂરૂં રહેતા દારૂનો અડ્ડો બન્યો

ઉના, તા.૨૪

ઉનાના સામતેર ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર નં.૧નું છેલ્લા ૮ માસથી બારી-દરવાજા અને કલરના વાંકે ઓરડાનું કામ અધુરૂ રહેતા હાલ આ ઓરડા દેશી દારૂનો અડ્ડો બની ગયા હોય તેમ દારૂની કોથળીઓ જોવા મળી રહી છે. આંગણવાડીની અધુરી કામગીરીને લઈ ગ્રામજનો દ્વારા અનેકવાર મૌખિક રજૂઆત કરાઈ હોવા છતા આજ સુધી કોઈ કામગીરી કરવામાં આવી નથી. ખુલ્લા ઓરડાઓના કારણે આવારા તત્વો અહીં દારૂની મહેફિલો જમાવતા હોય તેમ દારૂની કોથળીઓ જોવા મળતા ગ્રામજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે આંગણવાડી રૂમના બારી-દરવાજા તાત્કાલિક ફીટ કરી બાળકોના હિતમાં અભ્યાસ શરૂ કરવામાં આવે તેવી ગ્રામજનોમાંથી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



તસવીર : કૈલાશ ભટ્ટ

# કોડીનારના મૂળ દ્વારકા દરિયાકાંઠે સાગર હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા



કોડીનાર, તા.૨૪

કોડીનાર તાલુકાના મૂળ દ્વારકા બંદર દરિયાકાંઠે સમસ્ત ગ્રામજનો દ્વારા શ્રી સાગર હનુમાનજી મહારાજની ત્રણ દિવસીય ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મૂળ દ્વારકા બંદરના સરપંચ રવિનાબેન કિશોરભાઈ સિકોતરયાના યજમાન પદે સોમનાથના વિદ્વાન બ્રાહ્મણ વિક્રાંતભાઈ પાઠક દ્વારા વૈદિક મંત્રોચ્ચારથી મૂર્તિમાં પ્રાણ પૂર્યા હતા.

# ઉનામાં આયુષ્યમાન બ્લોક આરોગ્ય મેળો યોજાયો : ૩૦૨૮ લોકોએ લાભ લીધો

ઉના, તા.૨૪

'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત ઉનાના પટેલ બોર્ડિંગ ખાતે આયુષ્યમાન બ્લોક હેલ્થ મેળો યોજાયો હતો. આ પ્રસંગે ઉનાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, પાલિકાના પ્રમુખ જલ્પાબેન બામણીયા, તા.પં. પ્રમુખ પાંચીબેન સામતભાઈ ચારણીયા, પ્રાંત અધિકારી જે.એમ.રાવલ, ડો.અરુણ રોય, જિલ્લા પંચાયતના સભ્યો અને તાલુકા પંચાયતના સભ્યોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને પ્રજાજનો માટે ખુલ્લો મુક્યો હતો. આ હેલ્થ મેળામાં આયુષ્યમાન ભારત કાર્ડ આયુષ્યમાન ભારત હેલ્થ આઈડી કાર્ડ, ઈ સંજીવની થકી ટેલી મેડિસિન એનસીડી પ્રોગ્રામ અંતર્ગત બી.પી, ડાયાબિટીસ, કેન્સર, મોનું કેન્સર હાઈપર ટેન્શનની વિનામૂલ્યે તપાસ કરી વિનામૂલ્યે દવાઓ અપાઈ હતી. આ મેળામાં કુલ ૩૦૨૮ લોકોએ લાભ લીધો હતો.



# એસબીઆઈ અમદાવાદ સર્કલમાં થયેલી ભરતીમાં કૌભાંડ આચરાયાનો ભાજપ સાંસદ વસાવાનો આક્ષેપ

(એ.આર.એલ)ભરૂચ,તા.૨૪

ગુજરાતમાં જાણે સરકારી નોકરી કરવી હવે સામાન્ય માણસ માટે સપનું બની ગઈ છે. કારણ કે કાં તો ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર ફૂટે છે અથવા ભરતીમાં કોભાંડ સામે આવે છે. તાજેતરમાં પણ આવું જ એક ભરતી કોભાંડ સામે આવ્યું છે. ગુજરાત ભાજપના સિનિયર સાંસદ મનસુખ વસાવાએ ફરી એક વખત નાણાંમંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખી સીધો આક્ષેપ કર્યો છે કે એસબીઆઈમાં જુનિયર ક્લાર્કની ભરતીમાં સ્થાનિક ભાષા નહીં જાણતાની ભરતી કરવામાં આવી છે. મનસુખ વસાવાએ પત્રમાં લખ્યું હતું કે ભરતીની અરજીમાં સ્થાનિક ભાષા જાણતા હોય એ જ અરજી કરી શકે એવું સ્પષ્ટપણે જણાવ્યું હોવા છતાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ સર્કલમાં જુનિયર એસોસિએશન એટલે કે ક્લાર્કની ભરતીમાં સ્થાનિક ભાષા જાણતા હોય નહી તેવા ઉમેદવારોની ભરતી થઈ છે.



સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વિવિધ રાજ્યોમાં ખાલી પડેલી જગ્યાઓ માટે માત્ર ભારતીય નાગરિકો પાસે અરજીઓ મંગાવવાની હતી. તેમાં જે તે રાજ્ય માટે ઉમેદવાર ત્યાંની સ્થાનિક ભાષા જાણતો હોવો જરૂરી છે. ભરતી અરજીની જાહેરાતમાં પણ ઉમેદવારને સ્થાનિક ભાષાનું જ્ઞાન ફરજિયાત હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. ત્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જુનિયર ક્લાર્કની કરાયેલી ભરતીમાં કુલ ૬૬૦ ઉમેદવારમાંથી માત્ર ૨૦ કે ૨૫ ટકા ઉમેદવારો જ સ્થાનિક ભાષા જાણે છે બાકીનાં ઉમેદવારો સ્થાનિક ભાષા નહીં જાણતા હોવાની વાત સાંસદ મનસુખ વસાવાએ તેમને લખેલ પત્રમાં કરી છે.

# વર્ષોથી ગુજરાતના માછીમારો સહિત ૭૦૧ ભારતીય નાગરિકો પાકિસ્તાનની જેલોમાં કેદ

(એ.આર.એલ) નવીદિલ્હી,તા.૨૪

પાકિસ્તાનની સમુદ્રી સંસ્થા પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સી (પીએમએસએ) આંતરરાષ્ટ્રીય જળસીમામાં માછલી પકડવા જતાં ગુજરાતના માછીમારોની ગેરકાયદે ધરપકડ કરીને તેમની જેલોમાં ગોંધી રાખે છે. ભારતીય વિદેશ મંત્રાલયના એક અહેવાલ મુજબ પાકિસ્તાની જેલોમાં ગુજરાતના માછીમારો સહિત ૭૦૧ ભારતીય નાગરિકો કેદ છે. કેન્દ્રીય તપાસ



સંસ્થા એનઆઈએએ પાકિસ્તાન દ્વારા ભારતમાં અશાંતી ફેલાવવાના વધુ એક કાવતરાંનો ઘટસ્ફોટ કર્યો છે ત્યારે રાજ્યકક્ષાના વિદેશ મંત્રી વી. મુરલીધરને તાજેતરમાં સંસદમાં જણાવ્યું હતું કે, દુનિયામાં ૮૨ દેશોમાં ૮,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો કેદ છે,વિદેશની જેલોમાં કેદ ભારતીય નાગરિકોમાં અન્ડર ટ્રાયલના કેદીઓનો પણ સમાવેશ થાય છે. ભારતના સૌથી વધુ નાગરિકો અખાતના દેશોમાં કેદ છે. યુએઈમાં સૌથી વધુ ૧૪૮૦ ભારતીય નાગરિકો કેદ છે. ત્યાર પછી સાઉદી અરબમાં ૧૩૯૨ ભારતીય નાગરિકો કેદ છે. મુરલીધરને કહ્યું હતું કે, ખાડી દેશો અને ઈરાનમાં સૌથી વધુ ૪,૦૫૮ ભારતીય નાગરિકો કેદ છે. જેમાં પાકિસ્તાનમાં કેદ ૭૦૧ ભારતીયોનો સમાવેશ થાય છે.

# વીડિયો વાયરલ : રાધનપુરમાં કિંજલ દવેના કાર્યક્રમમાં ખુરશીઓ ઉછળતા અફરાતફરી

(સં.સ.સે.) પાટણ, તા.૨૪

રાધનપુર ખાતે લોકગાયિકા કિંજલ દવેનો સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કિંજલ પર ચલણી નોટો વરસાદ તો થયો પરંતુ અહીં કેટલાક ચાહકો તો એવા ઝૂમી ઉઠ્યા કે પડાપડી કરવા લાગ્યા હતા. ખુરશીઓ ઉછાળતા કેટલીક તો તૂટી પણ ગઈ હતી. યુવાનોએ ખુરશીઓ ઉછાળતા અફરાતફરી પણ મચી ગઈ હતી. જેનો વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. રાધનપુરમાં કિંજલ



દવેના ડાયરાનું આયોજન કરાયું હતું, કિંજલ દવેના ગીત ચાલુ થતાં કેટલાક અસામાજીક તત્વોએ રીતસરની કાર્યક્રમમાં પ્લાસ્ટિકની ખુરશીઓ ઉછાળી હતી અને કાર્યક્રમની મજા બગાડવાનો પ્રયાસ કર્યો હતો. આ લોકો કોણ હતા અને ક્યાંથી આવ્યા તે અંગે હજી કોઈ માહિતી મળી નથી. સમગ્ર મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ તે અંગે પણ હજી કોઈ માહિતી સામે આવી નથી.

# તૈયાર રહો: રાજ્યમાં આગામી ચાર દિવસ હિટવેવની આગાહિ

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં ફરી એકવાર અંગ દઝાડતી ગરમી જોવા મળશે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં હિટવેવની આગાહી કરી છે. આ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સુધી રહી શકે છે. શનિવારે અમદાવાદ સહિત ૪ શહેરોમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી અને ૫ શહેરોમાં ૪૧ ડિગ્રી પાર કરી ગયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૨૮મી એપ્રિલ



સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં હિટવેવની શક્યતાઓ છે. દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, સૌરાષ્ટ્રના પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, કચ્છ, રાજકોટ, અમરેલી તથા ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા તથા ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં યેલો એલર્ટ જાહેર કરાયું છે.

# હરિયાણાથી ટ્રકમાં આવેલો ૯.૬૭ લાખનો દારૂ-બીયરનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર એલસીબીની ટીમે સઈજ ઈફકો સામે ઓએનજીસી સામેના રોડ પર વોચ ગોઠવી બાતમીના આધારે ટ્રક રોકી બંધ બોડીની ૪૦૭ ટ્રકની તલાશી લેતાં અંદર પ્લાસ્ટિકના ૮૨ કોથળામાં પેક કરેલી વિદેશી દારૂ અને બિયરની ૨૧૭ પેટીઓ મળી આવી હતી. જે પેટીઓમાં ભરેલા દારૂની ગણતરી કરતા દારૂની ૧૭૭ પેટી અને બિયરની ૪૦ પેટીમાંથી ૩ હજાર ૮૪ નંગ




દારૂ - બિયરનો જથ્થો મળી આવ્યો હતો. આ ટ્રક લઈને ૨૫ વર્ષીય ખેપીયો શ્રવણ અડાલજ પહોંચીને વિક્રમસિંહને ફોન કરવાનો હતો. જે પછીથી વિક્રમસિંહનો માણસ આવીને દારૂ ભરેલી ટ્રક લઈ જવાનો હતો. આ પકડાયેલો દારૂનો જથ્થો ઓએસિસ ઓવરસીસ એક્સપોર્ટ પ્રા. લિ અંબાલા અને હરિયાણા લીકર પ્રા. લિ., ઝૂંડલા ગામ, હરિયાણા માર્કનો હોવાનું પણ વધુ તપાસમાં બહાર આવતા એલસીબીએ ૯ લાખ ૬૭ હજાર ૫૦૦ની કિંમતનો દારૂ બિયરનો જથ્થો, ટ્રક, મોબાઈલ ફોન સહિત ૧૩ લાખ ૭૪ હજાર ૬૩૦નો મુદ્દામાલ જપ્ત કરી કલોલ તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# વડોદરાના ચકચારી મીરા હત્યા કેસમાં આરોપી સંદીપ ૪ દિવસના રિમાન્ડ પર

વડોદરા, તા.૨૪

વડોદરાના ચકચારી મીરા હત્યા કેસમાં પોલીસે આરોપી સંદીપ મકવાણાને આજે તિલકવાડા કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં કોર્ટે આરોપીના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. યુવતીનો મોબાઈલ હજુ પણ ગુમ છે. આ ઉપરાંત યુવતી સાથે દુષ્કર્મ થયું છે કે નહીં તેની પણ પોલીસ તપાસ કરશે. પોલીસ સંદીપને લઈને મામલાની વધુ પૂછપરછ કરતાં તેણે હત્યા કરી હોવાનો ગુનો કબૂલ્યો હતો. સંદીપે જ ચૂંદડી વડે ગળેટૂંપો



દઈને મીરાની હત્યા કરી હોવાનો પોલીસ પૂછપરછમાં ઘટસ્ફોટ થયો હતો. મીરાની હત્યા કરનાર સંદીપે પોલીસથી બચવા માટે વેશ બદલી નાખ્યો હતો. તેણે માથાના વાળ પણ કઢાવી નાખ્યા હતા, તેમ છતાં પોલીસથી બચી શક્યો નહોતો.

# લખતરના તાવી ગામે પરિવારની નજર સામે યુવકની નિર્મમ હત્યા

સુરેન્દ્રનગર,તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લાના લખતરના તાવીમાં ઘરમા ઘુસીને યુવકને છરીના ઘા ઝીંકી હત્યા કરવામા આવતા ચકચાર મચી જવા પામી છે. જેમાં નોરતામા બોલાચાલીના મામલે યુવકને પરિવારની નજર સામે જ યુવકને છરીના ઘા ઝીંકાયા હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે સુરેન્દ્રનગર જિલ્લાના લખતરના તાવીમા ઘરમા ઘુસીને યુવકને છરીના



ઘા ઝીંકી હત્યા કરવામા આવતા સમગ્ર પથંકમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટનામાં ૧૦થી વધુ લોકોનું ટોળું ઘરમાં તીક્ષ્ણ હથિયારો સાથે ઘુસી ગયું હતુ અને સરેઆમ આતંક મચાવ્યો હતો જેમાં નોરતામાં બોલાચાલીના મામલે પરિવારની નજર સામે જ યુવકને છરીના ઘા ઝીંકાયા હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે. જેમાં આ યુવકને મોતને ઘાટ ઉતારાયો હતો જ્યારે અન્ય ૩ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા એમને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# સિંહોરના રામધરીની મહિલાનું કોંગો ફીવરથી મોત થતા તંત્ર હરકતમાં

ભાવનગર,તા.૨૪

રાજ્યમાં ફરી એકવાર કોંગો ફીવરનો કેસ સામે આવ્યો છે. સિંહોર તાલુકાના એક ગામમાં શંકાસ્પદ કોંગો ફીવરથી દર્દીનું મોત થતાં ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. પશુપાલન વિભાગ દ્વારા શુક્રવારના રોજ પશુપાલકો તેમજ પશુઓના સેમ્પલ લીધા છે. રામધરી ગામની વતની ૫૮ વર્ષીય મહિલા પુરી ગોહિલને તાવ આવતા સિંહોરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાંથી તેને સારવાર માટે ભાવનગરની સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ગોહિલનું ગુરુવારના રોજ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૃતક મહિલાનો રીપોર્ટ પોઝિટિવ આવતા જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ એલર્ટ થઈ ગઈ છે.




# કોંગી નેતા કૈલાશ ગઢવીએ 'પંજો' છોડી 'ઝાડુ' પકડ્યું

(એ.આર.એલ)અમદાવાદ,તા.૨૪

રાજયમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં પક્ષમાં જોડાવાના દિવસોની શરૂઆત થઈ ગઈ છે. કોંગ્રેસમાં નેતાઓની નારાજગી વચ્ચે હવે પાર્ટી છોડીને ભાજપ અને આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યાં છે. આજે કોંગ્રેસના પૂર્વ પ્રવક્તા અને સિનિયર નેતા કૈલાશ ગઢવી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ગુજરાત આમ આદમી પાર્ટીના ચૂંટણી ઈન્ચાર્જ ગુલાબસિંહ યાદવ, આપના નેતા ઈસુદાન ગઢવીની હાજરીમાં તેઓએ આમ આદમીનો ખેસ અને ટોપી પહેરી હતી. આ સાથે ૧૦ જેટલા હોદ્દેદારો-આગેવાનો-તેમના કાર્યકર્તાઓ અને સમર્થકો પણ આપમાં જોડાયા હતા. કૈલાશ ગઢવીએ સાબરમતી ગાંધી આશ્રમ ખાતે ગાંધીબાપુને પુષ્પાંજલિ અર્પી હતી અને ત્યારબાદ બાઈક રેલી સાથે ૧૦૦ થી વધુ કાર્યકર્તાઓ સાથે હોટલ સિલ્વર કલાઉડ ખાતે આપના નેતાઓની હાજરીમાં આપમાં જોડાયા હતા.







